॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


માર્ચ ૨૦૧૩

રૂ. ૫/૦૦




# નાઈરોબી (કેન્યા) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ નૂતન મંદિર લંગાટા (તાબાનું)
# ખાતમુહૂર્ત કરતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી તથા યજમાનશ્રીઓ










॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૫

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૩ - માર્ચ – ૨૦૧૩
સળંગ અંક - ૩૨૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

કેટલાક ઉત્સવો દિવ્યતાની ચિર સ્મૃતિરૂપ હોય છે. સમયની ડાળી પર પાંગરેલા પુષ્પો સમા ફાગણ માસમાં આવો જ ફૂલડોલોત્સવ મનમાં ઉમંગના રંગ ભરીને આપણે ઉજવીએ છીએ.

ભક્તિ માતા અને ધર્મ પિતાને ત્યાં ફાલ્ગુની પૂર્ણિમાએ ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં આપણા ઇષ્ટદેવ શ્રી નરનારાયણદેવનો પાદુર્ભાવ થયો. પ્રભુના અવનિ પરના અવતરણનું પ્રકૃતિએ મઘમઘતા સુગંધી પુષ્પોથી સ્વાગત કર્યું, તેમજ ભક્તોએ રંગબેરંગી ફૂલોથી સુશોભિત હિંડોળામાં ઝુલાવીને ફૂલડોલોત્સવની ઉજવણીની પરંપરાની શરૂઆત ઉમંગભેર કરી. પ્રતિ વર્ષ શ્રી નરનારાયણદેવ જયંતીના આ દિવસે હરિભક્તોના હૈયા પણ આનંદના હિલાળા સાથે હર્ષવિભોર બની જાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં અને ત્યાર બાદ ભુજમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા અને તે સમૈયામાં આવેલા હરિભક્તોને આજ્ઞા કરેલી કે, ‘‘હે ભક્તજનો, તમે સર્વે દર વર્ષે ફાલ્ગુની પૂર્ણિમાના દિવસે અહીં દર્શન કરવા આવજો અને સૌ ‘પુષ્પદોલોત્સવ’ મનાવજો, તો તમારા સર્વે મનોરથો સિદ્ધ થશે.’’


ઉત્સવની ઉજવણીમાં હાર્દિકતા ન ભળે તો તેનો કોઇ અર્થ નથી, હૃદયમાં જ્યોત ન પ્રગટે તો બધું વ્યર્થ. ફાલ્ગુની પૂર્ણિમાએ હોલિકા દહનની ઉજવણી તો વિશેષ સૂચક છે. આપણા હૃદયના કોઈ અગોચર ખૂણામાં હોલિકા વસતી હશે ત્યાં સુધી પ્રાણ રૂપી પ્રહ્લાદ પર જોખમ છે. હોલિકાનું દહન નહીં થાય તો હૃદય હિરણ્યકશિપુ બની જશે. હોલિકા ઉત્સવ દુર્ગુણોનો દાહક અને સદ્‌ગુણોનો સંવાહક છે. હૃદયમાં રહેલી અસદ્‌વૃત્તિ અને બુદ્ધિમાં (માનસમાં) રહેલી વિકૃતિનું દહન કરી સદ્‌વૃત્તિના સથવારે સંનિષ્ઠ અને પ્રભુનિષ્ઠ થવાનો સંકેત આ ઉત્સવ આપે છે.

ઉરમાં ઉમટેલા આનંદની અભિવ્યક્તિ આપણે પરસ્પર ગુલાલ ઉડાડીને કરીએ છીએ. આ પરંપરા શ્રી હરિએ રંગક્રીડા દ્વારા વધુ પ્રચલિત કરી. આધિ, વ્યાધિ અને ઉપાધિમાં અટવાયેલા માનવ મનનાં સંતાપ દૂર કરી નચિંત મનથી મોકળાશ માણવાનો ઉત્સવ એટલે રંગોત્સવ. શ્રી હરિએ ગુલાલ અને અબીલના રંગથી રંગાઇ જવાની પ્રેરણા આપી છે. ગુલાલનો રંગ લાલ છે. જે ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ અને શુભનું સૂચક છે. જ્યારે અબીલ સફેદ-શુભ્ર છે. જે નિર્મળતા, સ્વચ્છતા, સહૃદયતા અને શાંતિનું સૂચક છે. માનવ આ બે રંગથી રંગાઇ જાય અને સાચા સંતની નિશ્રામાં રહી જીવનને સત્સંગના રંગથી રંગી લે તો વિશ્વની કોઇ અસદ્‌વૃતિ, વિકૃતિ કે વિટંબણા ભક્તને સ્પર્શી પણ ન શકે.

શ્રી નરનારાયણદેવ જયંતી, હોલિકા ઉત્સવ અને રંગોત્સવના ત્રિવેણી સંગમના ફાગણ માસમાં એક ધારુ રટયા કરો.

‘તું રંગાઇ જા ને રંગમાં, સ્વામિનારાયણના સત્સંગમાં’

જય શ્રી સ્વામિનારાયણ...



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખાંક-૧૮

**વેદોપબૃહણ રૂપ બ્રાહ્મણ ગ્રન્થ યુગ**

**લેખક : ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી**



ઉપનિષદ્ - યુગ

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન વિદ્વાન્ સંત સદ્‌ગુરુ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીજીએ ઉપનિષદ્‌ની બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર કરી ઉપનિષદ્‌ના વૈદિક જ્ઞાનને સામાન્ય મનુષ્ય સુધી મહોંચાળવા માટે ઉપનિષદ્‌ના કઠીન મંત્રોને સરલભાષામાં ભાષ્ય લખીને આપણા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. આજે અનેક સંતો ભક્તો અને વિદ્વાનો ગોપાળાનંદ સ્વામી વિરચિત ઉપનિષદ્ ભાષ્યનો અધ્યયન કરીને બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર કરી રહ્યા છે. એજ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે આ ઉપનિષદ્‌ના વૈદિક તત્ત્વજ્ઞાનને વચનામૃત દ્વારા આપણને સરલભાષામાં પિરશ્યુ છે, જે જ્ઞાન વર્ષો સુધી કઠિન અભ્યાસ અને સાધના કરીને આત્મા-પરમાત્મા અને જગતનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે તેવું કઠીન તત્ત્વજ્ઞાન વચનામૃતના વાંચનથી સહજ સમજી સકાય છે.

વેદ, ઉપનિષદો અને વચનામૃતાદિ શાસ્ત્રોને સમજવા માટે શ્રદ્ધા હોવી અતિ જરૂરી છે. શ્રદ્ધા વિના આવા ઉત્તમ ગ્રન્થો યથાર્થ સમજવામાં આવતા નથી. આરણ્યક યુગના અંતમાં આવી સ્થિતિ સર્જાઇ હતી લોકોમાં આરણ્યક ગ્રન્થોના અધ્યયનમાં શ્રદ્ધા ન રહી કારણ કે મનુષ્યોની બુદ્ધિનો હ્રાસ થયો તેથી બુદ્ધિનો પ્રવાહ ભૌતિક તરફ વધારે અને આધ્યાત્મિક તરફ ઓછો વહેવા લાગ્યો, મનુષ્યોની સ્થિતિમાં પુન: વેદાદિ શાસ્ત્રોમાં શ્રદ્ધા જગાડવા માટે વેદ, બ્રાહ્મણ્ય ગ્રન્થ અને આરણ્યક ગ્રન્થોથી સરલ શૈલી અને સરલ ભાષામાં વેદના મંત્રોને ઉપનિષદોના રૂપમાં પ્રગટ થયા તેથી આ સમયે ઉપનિષદ્ યુગનો પ્રારંભ થયો.

આરણ્યક યુગમાં મનુષ્યો આરણ્યક ગ્રન્થોના ઋષિઓના સમાગમથી બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરતા હતા અને બ્રહ્મની સાધનાના માર્ગે ચાલતા હતા. જ્યારે જ્યારે મનુષ્ય સંસારથી વિરક્ત થઇને બ્રહ્મજિજ્ઞાસુ થવાની ઇચ્છા થઇ ત્યારે આ યુગમાં અરણ્યમાં રહેતા ઋષિઓ - મુનિઓ પાસે જઇ સેવયા વિદ્યા આ ન્યાયે ઋષિઓની સેવા કરીને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરતા હતા. પરન્તુ કહેવાય છે કે - સારો સમય (યુગ) લાંબો નથી રહેતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેતા કે ભગવાને સંસારમાં માયાની એવી તો કળ ચડાવી દીધી છે કે જીવાત્મા તેમાં ખેચાઇ જાય છે અને સંસાર તરફ દોડવા લાગે છે અને ભગવાનથી વિમુખ થતો જાય છે. આરણ્યકના પ્રચાર પ્રસારથી સંસારમાં બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ થઇ હતી પરન્તુ ભૌતિક વિષયના પ્રભાવથી મનુષ્યો સંસાર તરફ વિશેષ સન્મુખ થવા લાગ્યા. વર્ષો જતાં પુન સંસારમાં મોહ ફેલાયો મનુષ્યો ભોગ વિલાસમાં ફસાવા લાગ્યા. માનવબુદ્ધિનું આધ્યાત્મિક સ્તર ઘટ્યું વૈદિક જ્ઞાનની પરંપરાનો વિછેદ થવા લાગ્યો. ભૌતિકતાનું પ્રમાણ વધ્યું અને આધ્યાત્મિકતા ગૌણ થવા લાગી. કારણકે જ્યારે-જ્યારે સમાજને સાચું માર્ગદર્શન કરનાર કોઇ ન હોય, સાચા ગુરુ ન હોય ત્યારે લોકોમાં આધ્યાત્મિક વિનાની ભૌતિકતાનું પલ્લું ભારે થાય છે. તેથી બુદ્ધિની યોગ્યતાને અનુરૂપ લોકોને સત્શાસ્ત્ર અને સદ્‌ગુરૂનું માર્ગદર્શન હોવુ અતિજરૂરી છે.

સંસારના મોહપાસમાં બંધાયેલા જીવોના ઉદ્ધાર માટે ભગવાનની ઇચ્છાથી સંસારની માયાથી વિરક્ત રહેનારા વૈદિક સાધનામાં પવિત્ર જીવન જીવનારા ઋષિઓના અંતરમાં વેદની ઋચાઓ સ્ફૂરીત થઇ, મંત્ર દૃષ્ટા થયા. મંત્ર દૃષ્ટા ઋષિઓ વૈદિક જ્ઞાનની પરંપરા ચાલું રહે લોકો વૈદિક જ્ઞાનના પ્રભાવે તપમય અને સાધનામય પવિત્રજીવન જીવી સંસારના મોહ પાસથી મુક્ત થઇ પરમાત્માના દિવ્ય ધામને પામે અને સદા બ્રહ્મના આનંદનો અનુભવ કરે એવી ભાવનાથી અનેક મન્ત્રદૃષ્ટા ઋષિઓના મનમાં સ્ફૂરીત વેદની ઋચાઓ-મંત્રોના સંગ્રહરૂપ ઉપનિષદ્ ગ્રન્થનું અવતરણ થયું જે વેદના જ્ઞાન ભાગને પ્રકાશિત કરે છે. જે સમયના લોકોની બુદ્ધિની યોગ્યતાને અનુરૂપ અને વેદના અર્થને સમજવામાં ઉપનિષદ્ બહુ ઉપયોગી થયું.

આ સમયને ઉપનિષદ્ કાળ કહેવાયો.

આ સમયમાં બ્રહ્મવિદ્યાની ઉપાસનાનું યથાર્થ માર્ગદર્શન આપતાં ઉપનિષદ્નું અધ્યયન - અધ્યાપન પરંપરા ચાલુ થઇ. ઋષિઓના આશ્રમમાં હજારો બ્રહ્મ જિજ્ઞાસુઓ તપોમય જીવન જીવી બ્રહ્મની સાધના કરવા લાગ્યા. ઉપનિષદ્માં અનેક ઋષિઓના આશ્રમો અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા આવેલ બ્રહ્મચારીઓની કથાઓ જોવા મળે છે. આ રીતે મન્ત્રદૃષ્ટા ઋષિઓ અને ઉપનિષદ્ ગ્રન્થ દ્વારા સમાજને સાચું જ્ઞાન મળવા લાગ્યું.

ઉપનિષદ્ શાબ્દિક અર્થઃ

**'उप' - निकट, 'नि' - निष्ठापूर्वक, 'षद्'** ગુરુસમિપે શ્રદ્ધાથી બેશીને અભ્યાસ કરવો. આ પ્રમાણે ગુરુ અને શિષ્ય વચ્ચે જિજ્ઞાનાવશ પ્રશ્નોત્તર થતા હતા તે સંગ્રહિત થયો અને ઋષિઓને જે કઠિન બ્રહ્મોપાસના કરીને જે વિદ્યા સાક્ષાત્કાર કરી તેનું વર્ણન ઉપનિષદોમાં જોવા મળે છે તેથી જ પ્રાચીનકાળમાં ઉપનિષદોનું જ્ઞાન બધાને કરાવવામાં નોતું આવતું કારણ કે આ રહસ્ય છે યોગ્યતા વિના જ્ઞાન અપાય નહી તેથી ગુરુ શિષ્યની પરીક્ષા કરીને તેની યોગ્યતા જોઇને પછી જ તેને આ વિદ્યાભ્યાસ કરાવતા હતા. એનું કારણ એ હતું કે આ રહસ્ય વિદ્યા છે અને યોગ્યતા વિના આપવામાં આવે તો તેને સમજવું અને ટકાવી શકવું મુશકેલ પડે છે. જેમ કોઇ માટીના કાચા ઘડામાં પાણી ભરવામાં આવે તો તે ઘડો તુટી જાય અને પાણી વહી જાય પણ જો કાચા ઘડાને ભઠીમાં પકાવવામાં આવે પછી તેમાં પાણી ભરીએ તો ઘણા સમય સુધી ટકી રહે તેમાં બ્રહ્મ વિદ્યાના જીજ્ઞાસુની પાત્રતા માટે ગુરુની પરીક્ષામાં ઉત્તિર્ણ થવું જરૂરી હોય છે. અન્યથા ગુરુએ આપેલી બ્રહ્મવિદ્યા યથાર્થ સમજી શકતો નથી. આ ઉપનિષદ્ વિદ્યા એવા સમયે પ્રવર્તિ છે જ્યારે મનુષ્યો વૈદિક જ્ઞાન અને ભગવદ્ ઉન્મુખ થયા હતા અને ભૌતિક જ્ઞાન તરફ પ્રવર્ત્યા હતા ત્યારે ઉપનિષદ્ના ઋષિઓએ આ ઉપનિષદ્ વિદ્યાનો પ્રસાર કરીને પુનઃ વૈદિક જ્ઞાનની પરંપરા જીવંત કરી હતી.

ઉપનિષદ્ અવતરણ પ્રયોજન

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આઠ સત્શાસ્ત્રોને માન્ય રાખ્યા છે તેમાં વેદ અગ્રસ્થાને છે.

**ક્રમશઃ**

## તા. ૫-૩-૨૦૧૩ થી તા. ૧૫-૪-૨૦૧૩ સુધી કચ્છમાં કથા પારાયણો

* તા. ૯-૩-૨૦૧૩ થી તા. ૧૩-૩-૨૦૧૩, મહા વદ-૧૩ થી ફાગણ સુદ-૨ સુધી-ભુજ (તા. ૧૩-૩-૨૦૧૩ના અભિષેક તથા અન્નકુટ)
* તા. ૨૩-૩-૨૦૧૩ થી તા. ૨૭-૩-૨૦૧૩, ફાગણ સુદ-૧૧ થી ફાગણ સુદ પૂનમ-ભુજ (મહારાજશ્રીની શોભાયાત્રા તા.૨૬-૩-૨૦૧૩ના ફાગણ સુદ-૧૪ના)
* તા. ૧૪-૩-૨૦૧૩ થી તા. ૧૮-૩-૨૦૧૩ સુધી, ફાગણ સુદ-૩ થી ફાગણ સુદ-૬-નારણપર
* તા. ૧૭-૩-૨૦૧૩ થી તા. ૨૧-૩-૨૦૧૩ સુધી, ફાગણ સુદ-૬ થી ફાગણ સુદ-૯-સુખપર
* તા. ૧૭-૩-૨૦૧૩ થી તા. ૨૨-૩-૨૦૧૩ સુધી, ફાગણ સુદ-૬ થી ફાગણ સુદ-૧૦-માધાપર
* તા. ૧૯-૩-૨૦૧૩ થી તા.૨૩-૩-૨૦૧૩ સુધી, ફાગણ સુદ-૮ થી ફાગણ સુદ-૧૧-રામપર (નવોવાસ)
* તા. ૨૮-૩-૨૦૧૩ થી તા. ૧-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૧ થી ફાગણ વદ-૬-સુખપર
* તા. ૨૮-૩-૨૦૧૩ થી તા. ૧-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૧ થી ફાગણ વદ-૬-સામત્રા
* તા. ૨૮-૩-૨૦૧૩ થી તા. ૧-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૧ થી ફાગણ વદ-૬-માંડવી (આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા તા. ૩૧-૩-૨૦૧૩ના)
* તા. ૨૯-૩-૨૦૧૩ થી તા. ૨-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૨ થી ફાગણ વદ-૭-બળદીયા (આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા તા. ૩૧-૩-૨૦૧૩ના)
* તા. ૧-૪-૧૩ થી તા. ૫-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૬ થી ફાગણ વદ-૧૦-સુખપર
* તા. ૧-૪-૧૩ થી તા. ૫-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૬ થી ફાગણ વદ-૧૦-સુરજપર
* તા. ૩-૪-૨૦૧૩ થી તા. ૯-૪-૨૦૧૩ સુધી, ફાગણ વદ-૮ થી ફાગણ વદ-૧૪-ભુજ (આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા તા. ૭-૪-૨૦૧૩ના)
* તા ૧૧-૪-૨૦૧૩ થી તા. ૧૫-૪-૨૦૧૩ ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૫ સુધી (અંજારમાં શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધશતાબ્દી મહોત્સવ ધામધુમથી ઉજવાસે)

# ઉમંગનો અવસર - પવિત્ર રંગોત્સવ (શ્રી નરનારાયણદેવ જયંતી)

– જનકભાઈ એમ. ભટ્ટ

સત્સંગિજીવન પ્રકરણ ૩ માં અઠ્ઠાવનના અધ્યાયમાં દોલોત્સવ શ્રી હરિની રંગક્રીડાનું અને ભક્તોની પરસ્પર રંગક્રીડાનું નિરૂપણ કરેલું છે. વૃદ્ધો, યુવાનો, કુમારો, મુનિઓ, ભક્તો પરસ્પર એક બીજા ઉપર રંગ અને ગુલાલ અતિશય ફેંકતા હતા. શ્રી હરિની સમીપે સમગ્ર સમુદાય અંદરોઅંદર લાંબા સમય સુધી રંગ ક્રીડા કરતો હતો.

શ્રી કૃષ્ણ ભગવાને પણ વૃંદાવનમાં વસંતપંચમીથી હોળી સુધી રંગોત્સવ કરીને ગોપીજનોને આનંદ આપેલો છે.

વૈવશ્વત મન્વંતરમાં ફાગણ માસના પૂર્ણિમાને દિવસે ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં નરનારાયણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે તે સમયે જ બ્રહ્માઇન્દ્રાદિક દેવોએ શ્રી નરનારાયણ ભગવાનને ફૂલોના હિંડોળામાં બેસાડીને ઝુલાવ્યા હતા. તે દિવસથી આરંભીને આ ફૂલડોલોત્સવ (શ્રી નરનારાયણદેવની જન્મ જયંતી) પ્રસિદ્ધ થયેલો છે. પ્રભુના અવતરણનું અવનિ પર પુષ્પો દ્વારા પ્રસન્નતાપૂર્વકનું સ્વાગત એટલે ફૂલડોલોત્સવ, તો આપણે પણ તે દિવસે સુંદર સજાવેલ પુષ્પોથી સુશોભિત હિંડોળો રચીને તેમાં શ્રી નરનારાયણ પ્રભુને બેસાડીને ઝુલાવીએ છીએ અને શ્રી નરનારાયણ જયંતીની ભક્તિભાવ સાથે ઉજવણી કરીએ છીએ.

આપણા ઈષ્ટદેવ શ્રી નરનારાયણ પ્રભુ તો ધર્મ ભક્તિ થકી સોળ વર્ષની અવસ્થાએ પ્રગટ થયા હતા. પ્રભુનું અવતરણ નક્ષત્ર પ્રાધાન્ય છે માટે આ ઉત્સવ નક્ષત્રના આધારે હોવાથી સૂર્યો દય સમયના સ્પર્શવાળા ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં સર્વભક્તજનોએ કરવો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, ‘‘મારા આશ્રિત સંત વર્ણી, પાર્ષદો, સ્ત્રી, પુરુષો સર્વેને આ લોકમાં આ ઘોર કળીયુગથી તત્કાળ મૂકાવવા નિર્મળ અંતઃકરણવાળા જીતેન્દ્રિય શ્રી નરનારાયણ ભગવાનને કહેલા છે. તેમના દર્શન માત્રથી જ મનુષ્યોના પાપથી અને ભવસાગરથી મૂકાવે છે. તેમના દર્શનથી મનુષ્યના સેંકડો જન્મોથી કરેલાં પાપો દૂર થઇ જાય છે. તેમના દર્શન કરવા તથા નારાયણ કવચનો પાઠ કરવો. શ્રી નરનારાયણ દેવની માનતા રાખવાથી કોઇ પણ કાર્ય સિદ્ધ થાય છે. માટે તેમનો દઢ આશરો રાખવો.’’

ફાગણ સુદ પૂનમને દિવસે હોળીકોત્સવ મનાવવામાં આવે છે. જીવનના ભારેખમ બંધનોને આઘા રાખી માનવ થોડો હળવો થવા પ્રયત્ન કરે છે. સત્ય અને સત્સંગના વિજયનો તથા આસુરી વૃત્તિના સંહારનો અનેરો ઉત્સવ ફાગણ માસની મઘમઘતી પૂનમની સાક્ષીમાં હોળી પ્રગટે છે. હોલિકાનું દહન થાય છે. પ્રહલાદનું જતન થાય છે.

હોલિકાદહન તે કેવળ છાણાં કે લાકડાંની ગોઠવણી કરીને કેવળ અગ્નિ પ્રજ્જ્વલિત કરવાની ક્રિયા નથી. પરંતુ દુર્ગુણોનું દહન અને ભક્તિનું વહન કરવાની સૂચક પ્રક્રિયા છે. ભારતભરમાં માતાઓ પોતાના બાળકોની રક્ષા માટે આહૂતિ આપે છે. આખો દિવસ વ્રત કરી સંધ્યા સમયે હોલિકા જ્વાલાના દર્શન કરી પ્રદક્ષિણા કરીને ભોજન લે છે. હોલિકા દહનની ઉજવણી તો વિશેષ સૂચક છે. આપણામાં કોઇ અગોચર ખૂણામાં હોલિકા વસતી હશે ત્યાં લગી પ્રાણના પ્રહલાદ ઉપર જોખમ છે. જો હોલિકાનું દહન નહીં થાય તો કાળે કરીને હૃદય હિરણ્યકશિપુ બની જશે.

હોળીનો ઉત્સવ એટલે વસંતને વધાવતો ઉત્સવ. વસંતના વૈભવમાં સંયમનું સૂત્ર ભૂલાવું જોઇએ નહિ. હોળીના રંગને લઇને આવતો ફાગણિયો આપણને નવજીવનનો સંદેશ આપે છે. જીવનની સુખમય પળોને આનંદના રંગથી રંગી દેવાનો સંકેત કરે છે.

જગતમાં સદ્‌વૃત્તિના લોકો અલ્પ સંખ્યામાં જ હોય છે. પરંતુ જો તેઓ પ્રહલાદ જેવા સન્નિષ્ઠ, પ્રભુનિષ્ઠ હોય, તેમજ તપસ્વી અને ક્રિયાશીલ હોય તો વ્યાપક એવી અસદ્‌વૃત્તિ પણ તેમને ગ્રસી શકતી નથી. આવો અનુપમ સંદેશ હોળીનો ઉત્સવ આપણને આપે છે. માનવ મનમાં અને માનવ સમાજમાં રહેલી અસદ્‌વૃત્તિને બાળવાનો સંદેશ આપનારો આ ઉત્સવ છે.

હોલિકાદહનથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો. આનંદના વાતાવરણથી રંગીન બનેલા લોકો અરસપરસ રંગ, ગુલાલ વગેરે ઉડાડવા લાગ્યા.

વાતાવરણને ગુલાબી બનાવવાનું, લાલ રંગીલું વાતાવરણ નિર્માણ કરવાનું માનવી મનનું જન સમુદાયનું પ્રતિબિંબ પાડતો આ ઉત્સવ સાચે જ અનેરો છે. ધૂળેટીનો ઉત્સવ એટલે માનવીના મનને માંજવાનો ઉત્સવ છે. ધૂળ માંજવાનું કામ કરે છે તેથી મનના મેલ મંજાય છે, પાપ ધોવાય છે. આત્મા સ્વચ્છ, શુદ્ધ અને પવિત્ર થાય છે. તેથી જીવનમાં પવિત્રતા આવે છે. આ ઉત્સવમાં એખલાસ સાથે મોકળા મને રંગીન વૃત્તિઓને પરસ્પર સદ્‌વૃત્તિને વહેંચી લઇ એકતાપૂર્વક આ ધૂળેટીનો ઉત્સવ આપણે ઉજવીએ અને ભક્ત પ્રહલાદ જેવી વૃત્તિ હંમેશા કાયમ રાખીએ.

# વાત્સલ્યમૂર્તિ ‘મા’

સંકલન : સાક્ષી અરવિંદકુમાર પોકાર

‘પરમાત્મા’ !! ગુણની દૃષ્ટિએ સર્વોચ્ચ સર્વશ્રેષ્ઠ છે. તો શક્તિની દૃષ્ટિએય એ બેજોડ - અજોડ છે. પરોપકાર એમનો પરાકાષ્ઠાનો છે. તો શુદ્ધિ એમની સર્વોત્તમ છે. અધ્યાત્મનાં જગતનું એ ‘એવરેસ્ટ’ શિખર છે.

‘મા’ એ પરમાત્માની જેમ વિતરાગી પણ નથી કે મહાત્માની જેમ વીરહી પણ નથી. એ આમ તો સરેરાશ સંસારોની જેમ રાગી છે. આમ છતાં તમામ સાંસારિક સંબંધોમાં ‘મા’નો સબંધ સર્વોચ્ચ-સર્વશ્રેષ્ઠ સ્થાન નિઃસંદેહ ધરાવે છે. કારણ કે અન્ય કોઇ સાંસારિક સંબંધ ધરાવતી વ્યક્તિ કરતાં ‘મા’ સૌથી વધુ વત્સલ અને સૌથી વધુ પ્રદાન કરનાર મહાન તત્ત્વ છે. એટલે જ કહેવાયું છે કે જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...

પરમાત્મા અને મહાત્માની સાથે એની સરખામણી ગુણોની દૃષ્ટિએ સરખામણી થવાની શકયતા ન હોવા છતાં શબ્દની દૃષ્ટિએ સરખામણી કરતાં ચિંતકો ત્યાં સુધી કહે છે કે ‘પરમાત્મા, મહાત્મા અને મા’ આ ત્રણેયના સંલગ્ન તત્ત્વ ‘કોમન’ તત્ત્વ માં છે. કેમ કે ત્રણેયમાં ‘મા’ અક્ષર છે.

અન્ય રીતે વિચારીએ તો પરમાત્મા મહાત્મા અને મા. આ ત્રણેયમાં ત્રણ વિરલ ગુણો વિલસે છે એ ત્રણ ગુણો છે. કરૂણા, સહિષ્ણુતા અને વાત્સલ્ય. અલબત્ત એ વાત કબૂલ છે કે ‘મા’ના આ ત્રણેય ગુણો માત્ર એનાં સંતાન પુરતાં સીમિત હોય છે જ્યારે મહાત્મા અને પરમાત્મામાં એ ગુણો અત્યંત વિરાટ ફલક પર અને અત્યંત ઉત્તમરૂપે ઝળહળે છે. એથી એની વચ્ચે અંતર આસમાન-અવનિ સમું છે. તો પણ એટલું ચોક્કસ કે લગભગ નિસ્વાર્થતાની નીંવપર ઉભરેલા ‘મા’ ના આ ત્રણ વિરલ ગુણો પણ અવશ્ય નમનીય સ્મરણીય છે આપણે એની ઝલક પામવા ‘મા’ ને આ લેખ દ્વારા કરૂણામૂર્તિ- સહિષ્ણુતામૂર્તિ અને વાત્સલ્યમૂર્તિ રૂપે પ્રસ્તુત કરીશું.

એક નાનકડા ગામની અંદર ભર-યુવાનીએ વિધવા બનેલી મા અને નાનકડો પુત્ર રહે. સહારાના વેરાન જેવું જીવન પસાર કરવા કટિબદ્ધ થયેલી વિધવા માતા તમામ આફતો-મુસીબતો સામે એકલે હાથે ભણાવ્યો, ગણાવ્યો અને પરણાવ્યો. આશા એની એક જ હતી કે હવે દુઃખના દિવસો આથમશે અને લીલા-લહેર છવાઇ જશે પણ... બિચારી ‘મા’ ને ક્યાં ખબર હતી કે લીલા લહેર નહીં પણ કાળો કેર છવાઇ જવાનો છે ! ભાવિના ગર્ભમાં રહેલ બાબતને જ્ઞાની સિવાય કોણ પિછાણી શકે ભલા ?

આગળ જતાં સમય સમયનું કામ કરે છે ‘મા’ બિચારી ઘરડી થઇ. આ બાજું પત્નીને જુનવાણી અને ધર્મઘેલી સાસુ દીઠી ન ગમે. પત્નીની રોજની સાસુ વિરુધ્ધ પતિને રોજ કાનભંભેરણી કરી કરીને દીકરાને પોતાની જનેતા પ્રત્યે અભાવ આવી ગયો. એથી જાતજાતના મુદ્દે રોજનો સંઘર્ષ થવા માંડ્યો. ‘મા’ ની મોટી કઠિનાઇ એ હતી કે લગ્ન પછી પત્ની ની આંખે જ જોતો થઇ ગયેલો અને પત્ની ના વિચારથી જ વિચારતો થઇ ગયેલો પુત્ર દરેક ઘર્ષણમાં જનેતાને જ જવાબદાર ગણીને તેને તિરસ્કાર કરતો થઇ ગયેલો. ક્યારેક કામકાજમાં બોલચાલ તો ક્યારેક રહેણી કહેણીમાં બોલચાલ ક્યારેક જુનવાણી તો ક્યારેક ભોજનનાં વેણ

બોલચાલ થતી. 'મા' આને 'જનરેશન' ગેપ સમજીને જંતુ કરવાની કોશિશ કરતી રહી. પણ એ જેમ જેમ ઢીલ મુક્તી ગઇ. તેમ તેમ સામેથી દોરી ટાઇટ થતી રહી.

છેવટે તો જાણે 'મા' ને જાણી જોઇને પરેશાની કરવાની જ પેરવી થતી હોય તેમ ભોજનમાં ઇરાદા-પૂર્વક પ્રતિકૂળ-ઠંડી- નભાવે તેવી રસોઇ પીરસાવા માંડી. કંકાસ ટાળવા એ અર્ધ-ભૂખી રહીને મૂંગેમોઢે સહન કરતી રહી અને એકલખૂણે અશ્રુ સારતી રહી.

'મા' તબ ભી રોતી થી, જબ બેટા ખાના નહીં ખાતાં
'મા' આજ ભી રોતી હૈ, જબ બેટા ખાના નહીં દેતાં

આટલું જતુ કર્યા પછીય 'મા'ની કમનસીબી ઓછી ન થઇ અને એક દિવસે પુત્ર-પુત્રવધુએ એક પક્ષીય નિર્ણય લઇ લીધો કે બન્ને પક્ષે શાંતિ થાય એ માટે વિધવા 'મા' ને વૃધ્ધાશ્રમમાં મૂકી આવવી. 'મા' વિવશ હતી એની કોઇ આજીજી અસરકારક બને તેમ ન લાગ્યું. એથી મૂંગા રહીને એમને એ ફેસલો સ્વીકારી લીધો. ખુદ દિકરો માંને વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી ગયો જતી વેળાએ બે-ચાર ઉપર છલ્લાં લાગણી વાક્યો કહીને એ જતો રહ્યો. જાણે માંડ પળોજણ છૂટી એ ભાવ સાથે મા બધું સમજતી હતી. પણ ન એણે એક હરફ ઉચ્ચાર્યો ન દિકરાનું અહિત ચાહ્યું !

પણ... સબુર ! 'મા' ની કરૂણાની ખરી મહત્તા તો સંતાન મોટું સક્ષમ થઇ જાય ત્યાર પછી ઘણી વાર જણાતી હોય છે. સામાન્યતઃ આપણી કરૂણા એવી વ્યક્તિ પર વહે છે કે જે વ્યક્તિએ આપણો અપરાધ ન કર્યો હોય આપણને હેરાન-પરેશાન ન કર્યો હોય. જે વ્યક્તિ એ આપણો અપરાધ કર્યો હોય એમના પ્રત્યે આપણે કરુણાબુદ્ધિ નહી, દ્વેષબુધ્ધિ જ પ્રાય ધરતાં હોઇએ છીએ. પરંતુ 'મા' એક એવી હસ્તી છે કે જે જાણી બુઝીને એની અવહેલના - તિરસ્કાર કરનાર જુવાન જોધ દિકરા પર પણ નિતાંત કરૂણાબુધ્ધિ જ ધરે છે, ભલે ને એ કદાચ પુત્રના ત્રાસથી આંસુ સારતી હોય પરંતુ અંતર તો એન દુઆ જ પ્રસરાવતું હોય એટલે જ એક કાવ્ય પંકિતમાં હૃદયસ્પર્શી વાત લખાઇ છે.

''દિલમેં દુઆ ઓર આંખો મેં પાની,
જનમ દેને વાલે કી, યહી હે કહાની.''

અંતે અંતર ને જકજોરી નાખે એવી પંકિતથી આ લખને સમાપન કરીએ કે,

''એક પુત્ર કો પાકર શ્રવણ કી માં મુસ્કરાતી હૈ,
સૌ પુત્રો કો પાકર ભી ગાંધારી આંસુ બહાતી હૈ''

---

# ''પક્ષ''

લી. રમણીક ગોર, ભુજ

વ્હાલા વાચકમિત્રોને જય શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોનો પક્ષ રાખે છે તેનું ભગવાન કલ્યાણ કરે છે. તો ચાલો મિત્રો આપણે આજે ભગવાનના સાધુનો પક્ષ રાખ્યો તેવા ભક્તની વાત વાંચીએ.

સંતો ગામડે ગામડે વિચરણ કરતાં કરતાં એક વખત વસો ગામ પધાર્યા. મંડળમાં વીસ સાધુ હતા. જે ગામમાં ભિક્ષા માટે નીકળ્યા છે. ત્યારે ત્યાંના દિવાન કસીયાજીને ખબર મળ્યા છે કે સ્વામિનારાયણના સાધુ આપણા ગામમાં આવ્યા છે. ત્યારે સંતો ભિક્ષા વૃતિ કરી અને લોકોને સદ્‌ઉપદેશ આપતા. તેથી લોકો વ્યસનમુકીને ભગવાનને માર્ગે ચાલતા. આવું જોઇને કસીયાજીને લાગ્યું કે આ સાધુ ગામમાં રહેશે તો લોકો સુધરી જશે. એટલે મનમાં એમ માની જે ગામને બગાડશે એમ સમજીને પોતાના નોકરોને બોલાવ્યા અને કહ્યું જે જાવો સ્વામિનારાયણના સાધુઓને ગામ બહાર કાઢી મૂકો.

દિવાનના ઓર્ડર થી સૈનકિો સંતો પાસે આવીને કહ્યું જે ''મહારાજ ભિક્ષા માંગીને જલ્દી ગામમાંથી બહાર નીસરી જાજો.'' ત્યારે સંતોએ કહ્યું જે બીજા બાવા માગે છે ને અમારામાં શો દોષ છે ? જે તમો અમને ના પાડો છો ?

આમ સંતોના વચન સાંભળીને સૈનિકો ને દયા આવી જે આવા સાધુને આપણે શા માટે દુઃભવવા આપણો પગાર જાય તો ભલે જાય પણ આવા સાધુને આપણે દુઃખવવા નથી. એમ વિચારીને સૈનકિો કસીયાજી પાસે જઇને કહ્યું ''તારો પગાર બળી જાય, અતીત માંગે, ફકીર માંગે, બાવા માગે અને આ સ્વામિનારાયણના સાધુઓ તમારું શું બગાડ્યું છે જે

એમને ગામથી બહાર કાઢો છો ?''

સૈનિકોના આવા વાક્ય સાંભળીને કસીયાજી કહે ભલે જાઓ તમે તમારી નોકરી ઉપર જાઓ.

બીજે દિવસે સાધુ ભિક્ષાવૃત્તિ કરતાં-કરતાં એક સદ્‌ગૃહસ્થને ઘેર પહોંચ્યા. જે ઘરના ધણીનું નામ તુલશીભાઇ હતું. તે ઘેર જઇને સાધુ ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો'' એવો શબ્દ-ઉચ્ચાર કર્યો. સંતોના મુખમાંથી નીકળેલા સ્વર પૂજામાં બેઠેલા તુલશીભાઇના કાને પડયા અને બેઠા હતાં ત્યાં પ્રકાશ પ્રકાશ થઇ ગયો. એટલે તુલશીભાઇ બોલ્યા જે ''આ નારાયણ હરે કોણ બોલે છે ?'' ત્યારે તેમના ચાકરે કહ્યું જે બાપુ ! બહાર કોઇક સાધુ આવ્યા છે. ત્યારે તુલશીભાઇએ સંતોને પોતાના ઘરમાં બોલાવ્યા અને સંતોના દર્શન થતાં જ મનમાં ઘાટ સંકલ્પો વિરામ પામી ગયા. અને તુલશીભાઇએ સંતોને પૂછયું જે તમો કેટલા સાધુ છો ? એટલે સંતોએ કહ્યું જે અમો વીસ સાધુ છીએ એટલે તુલશીભાઇએ સંતોને કહ્યું જે બ્રાહ્મણ પાસે રસોઇ કરાવીએ ત્યાં સુધી બેસો. બ્રાહ્મણો રસોઇ બનાવે છે. સંતો ભગવાનમાં વૃત્તિ એકાગ્ર કરી કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. ભગવાનનું ભજન કરવાથી તુલશીભાઇની અંતઃકરણમાં શાંતિ થઇ.

રસોઇ તૈયાર થઇ ભગવાનને થાળ ધરાવીને સંતો પ્રસાદ લીધો અને તુલશીભાઇને પ્રસાદ આપ્યો. જમીને સંતો ફરી કીર્તન-ભક્તિ કરવા બેઠા અને સાથે તુલશીભાઇ ભજનમાં બેઠા.

આ બાજુ કસીયાજી પોતાના માણસોથી ખબર કઢાવ્યા. જે સ્વામિનારાયણના સાધુ કયાં છે. સમાચાર મળ્યા છે સંતો તુસશીભાઇના ઘેર છે એટલે કસીયાજીએ પોતાના માણસ દ્વારા તુલશીભાઇને કહેવડાવ્યું કે સ્વામિનારાયણના સાધુને રજા આપી દયો. કસીયાજીનો માણસ તુલશીભાઇને ઘેર આવ્યો અને કહ્યું જે કસીયાજી બાપુએ કહ્યું છે મુઠીયાને રજા આપે ત્યારે આવનાર માણસને તુસશીભાઇએ કહ્યું જે ''આ મુઠીયા તો માથા સાટે છે ! અને જો બાપુને પેટમાં દુઃખતું હોય તો પોતે અહીં આવે.'' માણસે જઇ આ સમાચાર કસીયાજીને કહ્યા. આ સમાચાર સાંભળીને કસીયાજી કહે કોઇપણ બોલશો નહી. કારણ કે આમાંથી કલેશ થાય અને ઉપાધિ વધે.

મિત્રો આમ તુલશીભાઇએ ભગવાનના સાધુનો પક્ષ રાખ્યો. સાધુને માથા સાટે રાખ્યા અને સેવા કરી. આમ, ભગવાનના સાધુ કે ભક્તનો પક્ષ રાખનારને ભગવાન પોતાના ધામમાં પોતાની સેવામાં રાખે છે.

**ભાવભીનું નિમંત્રણ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ભુજના પવિત્ર પ્રાંગણમાં તા.૩-૪-૧૩ થી તા.૯-૪-૧૩ સુધી અ.નિ. વડીલ સંતો ની પ્રસન્નતાર્થે તથા સર્વપિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. વિદ્વાન વકતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી વ્યાસાસને બિરાજી કૃષ્ણભક્તિની પાવનકારી સરિતાને સુમધુર સંગીતના સથવારે પ્રવાહિત કરી કથામૃતનું રસપાન કરાવશે. આ અનેરા અવસરે સર્વે સત્સંગીઓને સહપરિવાર ઉપસ્થિત રહી કથાશ્રવણનો લાભ લેવા નિમંત્રણ આપવામાં આવે છે.**

**- કોઠારી સ્વામી**

**'એક પ્રસંગ, સ્વજનો માટે'**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર દ્વારા તા.૨૬-૫-૨૦૧૩ થી તા. ૧-૬-૨૦૧૩ સુધી 'શ્રી મદ્ ભાગવત સમૂહ પારાયણ'નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ 'એક પ્રસંગ સ્વજનો માટે'ના યજમાન બનવા માટે એક પોથીના રૂા.૧૧,૦૦૦/- અગિયાર હજારની સેવા દ્વારા આ લાભ લઇ શકાશે. પોથીના યજમાન થવા ઇચ્છુકે તા. ૨૦-૪-૨૦૧૩ સુધી નોંધણી કરાવી શકશે. વધુ માહિતી માટે શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર (ફોન નંબર : ૦૨૮૩૬-૨૪૫૩૫૧)નો સંપર્ક સાધવો.**

**- કોઠારી સ્વામી, અંજાર**

# કુર્યાત સદા મંગલમ્

- હિંમ્મત ઠક્કર 'રઘુવંશી'

જગતના દિવ્ય દાર્શનિક ગ્રંથ શિક્ષાપત્રીના રચયિતા શ્રી સહજાનંદ સ્વામી મહારાજે છઠ્ઠા શ્લોકમાં - કુર્યાત સદા મંગલમ્ - કહી સૌને ભરપૂર આશિષ આપેલા છે.

''બધા જ સત્સંગીઓએ પોતાના ધર્મની રક્ષા કરનારા અને શાસ્ત્રોમાં પ્રમાણરૂપ તથા શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત અમારા રૂડા આશીર્વાદ વાંચવા.'' એમ કહી કૃપા વરસાવી છે.

શ્રીજી મહારાજે સ્વ-ધર્મ સંચાલન-સ્થાપન પ્રક્રિયાના બીજ સ્વરૂપે રહેલા અગ્રિમ સ્થાનમાં આચાર્ય પરિજનો, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, સક્ષમ અને પૂર્ણ પૂન્યશાળી ગૃહસ્થાશ્રમીઓ જેઓ માત્ર પ્રગટ પરમાત્માનાં આશ્રિતો છે તે, સધવા-વિધવા બહેનોઓ અને છેલ્લે સાધુ પુરુષોનો નિર્દેશ કરેલ છે. અત્રે સંતોને સૌની પાછળ મૂક્યા છે.

- અત્રે બે મહત્ત્વનાં પ્રશ્નો ઉદ્ભવે છે.
- આચાર્યશ્રીને અગ્રિમ સ્થાને કેમ મૂક્યા છે ?

ભગવાને સંતોને સૌ પાછળ કેમ મૂક્યા છે ? સૌને સહજ સમજાય તેવી આ વ્યવસ્થા છે જેમાં દિવ્ય પુરુષોને સહજાનંદ સ્વામીએ ખૂબ સરળતાથી ગોઠવ્યા છે ને તે સ્વીકાર્ય પણ છે.

જો આ ઠેકાણે સામાન્ય માણસ હોય તો અગ્રિમ સ્થાને બેસે તે ઓચ્છવ મનાવે અને અંતે મૂકાયા હોય તેને ''હાઉં'' ! હું સાવ છેલ્લે ! તેથી જ દિવ્યતાને સામાન્યતાનો ભેદ પારખવો સરળ પડે છે.

ગુજરાતી ભાષાનો 'હું', અંગ્રેજીનો કેપીટલ 'આઈ' સામાન્યતઃ 'અહમ' કે અહંકાર સાથે ભાષાકીય રીતે સંકળાયેલો છે. જ્યારે આ જ 'હું' કે 'આઈ' આધ્યાત્મિક રીતે માનવામાં રહેલા પ્રકૃતિદત્ત ષડરિપુઓ માંનો ચોથો રિપુ 'અહમ' કહેવાય છે.

એક કવિના કવન પ્રમાણે -

''માણસને એમ કે, હું આમ ને હું તેમ,
જરા પીઠ ફેરવી જુએ તો, છે સાવ જેમતેમ !
પણ, માણસ એટલે પંચમહાભૂતનું
મેટા બોલીઝમ (શરીર રચના) અદ્ભુત !
છે તો બ્રેકેબલ બાવલું !
પણ, રોમે રોમે હણહણતો
અનબ્રેકેબલ 'હું'...!''

આ છે સામાન્ય માનવી. જો મૂળમાં રહેલ સ્વધર્મ વ્યવસ્થામાં શ્રદ્ધાને વિશ્વાસની ગુલાબી સુગંધ ભળી જાય તો ભક્તોની આધ્યાત્મિક યાત્રા શિક્ષાપત્રીનાં જ ધોરી માર્ગે મંઝિલ અને મુકામે અવશ્ય પહોંચાડે જ.

માનવ મન પરના માયાવી આવરણને લીધે તેમાં લપાઈને બેઠો છે એક 'વાદી, અને બીજો 'વિવાદી' જે આખાયે માનવી અને માનવ જીવનને ઊંચક-નીંચક, હાલક-ડોલક કરી ફૂંગોળ્યા કરે છે. આ વાદી, વિવાદી ને પ્રતિવાદી ને આચાર્યો, સંતો, ભક્તો તથા સાચા નિષ્ઠાવાન ગૃહસ્થીઓ આમ કહીને જાકારો આપે છે

''વાંદરવેડા કરમ મનડા ભૂંડા,
જનમોજનમ તેં પાઠ ભણાવ્યા જૂઠા !
પૂન્યે મળ્યો આ મનખા દેહ ઉમદા,
હવે જા ! તારા નહીં ભણું હું ઊંઠા...!!''

આપણું વાંદરવેડિયું મન, શાંત, સ્વસ્થ, નિર્મળ, સ્વચ્છ, પારદર્શક, વિશ્વસનીય, બને ત્યારે તે તેની સામેના તમામ વિકલ્પોને ચાળી ચાળીને, છાણી છાણીને ઝડપથી કોઈ ડહાપણ ભરેલા અંતિમ નિર્ણયે પહોંચી શકે છે. આવા મનને પરમહંસ રામકૃષ્ણ 'સમાહિત' મન કહે છે. શિક્ષાપત્રીમાં અગ્રિમ સ્થાનક્રમે સૌ આવા 'સમાહિત' મનવાળા બિરાજે છે.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજે સૌ માનવોનાં મન આવાં સમાહિત થાય તે માટે તો શિક્ષાપત્રી લખી છે. વળી, શતાનંદ સ્વામી પણ સમજાવે છે કે, શ્રીજી મહારાજે શ્રી કૃષ્ણ ભગવાનને સંભારીને જે આશીર્વાદ આપેલા છે તે સદાય સફળ જ થાય કેમ કે, તેની પાછળ સર્વાવતારી શ્રીજી મહારાજ પોતે, તેમના આશીર્વાદ અને તે આશીર્વાદ ઉપર પણ શ્રી કૃષ્ણ પરમાત્માની નવા જેશની કૃપા-શક્તિ કામ કરે છે. તેથી સ્વધર્મ રક્ષકોને આપેલ આ આશીર્વાદ પત્રની અતિ ઉત્તમ શરૂઆત બની છે.

શૂન્યથી નવળામાં સઘળા,
હિસાબ કિતાબ સમાયા,
પૂન્યકર્મો જેમના સવાયા,
જગમાં ચોમેર તેઓ છવાયા,
ઉમરના આંકડા નથી ગણાવ્યા !
જીવન કર્યા ન્યોચ્છાવર ને સુગંધાયા !!
સહજાનંદે પ્રેમે આશિષ વરસાવ્યા,
કૃર્યાત સદા મંગલમ તેઓ કહેવાયા.

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં પોષી પૂનમ રવિવારે બ્રહ્માનંદ સ્વામીના ૧૦૦ કીર્તનોનું ગાન તથા મહા આરતી

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીની પુણ્ય સ્મૃતિમાં પોષી પૂનમ તા.૨૭-૧-૧૩ રવિવારે સાંજે સ્વામી બ્રહ્માનંદ સ્વામીના ૧૦૦ કીર્તનોનું સંગીતમય ગાયન-વાદન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ હાજરી આપેલ હતી. આ પ્રસંગે મંદિરના સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજીએ આશીવર્ચન આપેલ. ત્યાર બાદ મહા આરતીનું પણ આયોજન કરવામાં આવેલ. ત્યાર બાદ ધર્મપ્રચાર - પ્રસારાર્થે વિદેશ જતા સંતોને વિદાય આપવામાં આવેલ.

આ પ્રસંગ અંગેનું સમગ્ર આયોજન કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ઉપ કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ સંતો તથા યુવક મંડળ તથા મહિલા મંડળે ઉપાડી લીધેલ.

## વસંત પંચમીના દિવસે ૧૮૮મી શિક્ષાપત્રી જયંતીની ઉજવણી કરવામાં આવી

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ તથા પ્રસાદી (જૂના) શ્રી સ્વામિનારાયણ મંદિરે વસંત પંચમીના ૧૮૮મી શિક્ષાપત્રી જયંતીની ઉજવણી તા.૧૫-૦૨-૨૦૧૩ના સવારે કરવામાં આવેલ હતી. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજરી આપેલ હતી. મંદિરના સભામંડપમાં સંતો અને હરિભક્તો દ્વારા સમૂહપૂજન કરાયું હતું. જેના મુખ્ય યજમાન મિરજાપરના અ.નિ. પુરબાઇ હરજી ભંડેરી પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી અને સ્વામી ઘનશ્યામસેવકદાસજીએ જણાવ્યું કે વડતાલમાં સ્વામિનારાયણ ભગવાને વિ.સં.૧૮૮૨ મહાસુદ પાંચમ વસંત પંચમીના સ્વહસ્તે ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી લખી હતી. જેથી આખાય સંપ્રદાયમાં વસંત પંચમીના દિવસને શિક્ષાપત્રી જયંતી તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષાપત્રી મુજબ વર્તનારને જીવનમાં ક્યારે પણ કષ્ટ પડતા નથી.

પાળેશ્વર ચોક સ્થિત પ્રસાદીના શ્રી સ્વામિનારાયણ મંદિરે પણ શિક્ષાપત્રી જયંતીની ઉજવણી કરાઇ હતી. જેમાં પૂજનના યજમાનપદે સુખપર જુનાવાસના માવજીભાઇ હરજી ભગત સહપરિવાર રહ્યા હતા. સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને કોઠારી સ્વામી કેશવપ્રિયદાસજીએ સમગ્ર કાર્ય સભાડયું હતું.

અહેવાલ : પ્રાણલાલભાઇ ગોર

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર-ભુજ

### (વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણનો અહેવાલ)




ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડમી, શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટનો વાર્ષિકોત્સવ તા.૧૬-૨-૨૦૧૩ શનિવારે ધાર્મિક સંસ્કારયુક્ત રજૂઆતો સાથે યોજાયો હતો. ખેલ મહાકંભમાં સંસ્થાએ મેળવેલા ત્રણેક લાખના ઇનામોની જાહેરાત, સફળછાત્રાઓનું સન્માન અને ભવિષ્યની દિશા નક્કી કરાઇ હતી.

ભુજ મંદિર હવે કન્યા કેળવણીક્ષેત્રે અગ્રેસર થયું છે ત્યારે વૈશ્વિક કક્ષાના શિક્ષણ માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરતાં મંદિરના કોઠારી રવજીભાઇ માવજી ભુડિયા, અર્જુનભાઇ દબાસીયા, ખીમજીભાઇ હાલાઇ, હરીભાઇ હાલાઇએ દીપ પ્રગટાવી વાર્ષિકોત્સવ પ્રારંભ કરાવ્યો હતો. સંકુલમાં અભ્યાસ કરતી પાંચસો ચાલીસ દીકરીઓના રસ, રુચિ, વલણને સંસ્કારયુક્ત સાંપ્રદાયિક સિદ્ધાંતોની રખેવાળી સાથે સંકોરણ થઇ રહ્યું હોવાનું પ્રમુખ વિશ્રામ દબાસિયાએ કહ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી મુકેશભાઇ પટેલ, નટવરસિંહ રાઠોડએ છાત્રાઓને બિરદાવી સંસ્થાને સહયોગની ખાતરી સાથે શુભેચ્છા આપી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ ત્રિકમભાઇ છાંગા, કચ્છી લેવા પટેલ સમાજ અગ્રણી અરજણભાઇ પિંડોરીયા, મંદિરના ટ્રસ્ટી રત્નાભાઇ કેરાઇ સહિતના હસ્તે જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રિયકક્ષાએ સફળ વિદ્યાર્થીનીઓને સન્માનિત કરાઇ હતી.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહિલા શિક્ષણ પ્રકલ્પમાં સંચાલક મંત્રી પ્રવીણભાઇ પીંડોરીયાએ સંસ્થાની માહિતી અને ભવિષ્યના વિસ્તૃતીકરણ સાથેનો અહેવાલ આપ્યો હતો. સાંસ્કૃતિક રજૂઆતોએ આકર્ષણ જગાવ્યું હતું. દૈવી શક્તિ, પ્રાચીન ગરબા, ગરવી ગુજરાતને વંદન, વૃક્ષજતન આબાદ વતન, અભિનય ગીતો, નૃત્યનાટિકા, કચ્છી-રાજસ્થાની કાર્યક્રમો દાનથી વધાવાયા હતા.

તાલ, લય, શિસ્ત દર્શન કરાવતું પિરામિડ - રોપયોગાસન રજૂ કરી કન્યાઓએ સાંપ્રત સમયમાં નારી સશક્તિકરણની પ્રતિબધ્ધતા દર્શાવી હતી. સંચાલન સુથાર સાહેબ, હેતલબેન, પૂજાબેને સંભાળ્યું હતું. આભારવિધિ ટ્રસ્ટી મુરજીભાઇ સિયાણીએ જ્યારે આયોજન પ્રવીણ પીંડોરીયાના માર્ગદર્શન હેઠળ આચાર્યા દક્ષાબેન પીંડોરીયા, શાળા પરિવારે સંભાળ્યું હતું. સમગ્ર પ્રોગ્રામના આયોજન માટે લક્ષ્મણભાઇ સિયાણી, મીનાબેન પટેલ, દેવુબેન દબાસીયા, લાલજીભાઇ રૂપાલિયા તથા શીવજીભાઇ હિરાણીએ જહેમત ઉઠાવી હતી. સંચાલક મંડળના સૌ ટ્રસ્ટીઓ ભરતભાઇ મહેતા, ડો.પુરુષોત્તમભાઇ હિરાણી, ડો.અનીલભાઇ ગોરે સહયોગ આપ્યો હતો. સંસ્થાની સફળ શિક્ષણયાત્રા માટે મંદિરના પ.પૂ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદવર્ય જાદવજી ભગત, પૂ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પૂ.સ્વામી દેવપ્રકાશદાસજી, વડીલ સંતો તથા મંદિરનું ટ્રસ્ટી મંડળે આનંદ સહ આશીર્વાદ પાઠવ્યા હતા. બહોળી સંખ્યામાં વાલી, અગ્રણી, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

- અહેવાલ : આચાર્યા

## કોડકી ગંગાજી : શાકોત્સવ

તા. ૨૦-૧-૧૩ રવિવારે શ્રી કોડકી ગંગાજી મધ્યે લોયાના શાકોત્સવની ઝાંખી કરાવે તેવો ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો. સંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રી સ્વામી શ્રી રંગદાસજીએ શાકોત્સવની કથાનું આબેહુબ વર્ણન કર્યું હતું. ત્યારબાદ સ્વામી નિલકંઠચરણદાસજી તથા સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સત્સંગનો લ્હાવો આપ્યો હતો. અને અંતમાં ભુજ મંદિરના વયોવૃધ્ધ વડીલ સંત સદ્ સ્વામી સનાતનદાસજીએ સત્સંગની બળભરી વાતો સાથે સૌ ગ્રામજનોને આશીર્વાદ આપ્યા હતા. ત્યાર પછી સભા પૂર્ણ કરી સૌ હરિભક્તોએ પ્રસાદ લીધો હતો. શાકોત્સવના યજમાન પદે સૌ કોઇ ગામવાસીઓ એજ લાભ લીધો હતો.

- અહેવાલ : નારણ રવજી હાલાઇ - કોડકી

## શાકોત્સવ : ભક્તિનગર

શ્રી ભક્તિનગરને આંગણે મહંત સ્વામીના આશીર્વાદથી અતિ ભવ્યાતિ ભવ્ય શાકોત્સવનું આયોજન તા.૨૩-૧-૨૦૧૩ બુધવારના દિવસે કરવામાં આવ્યું હતું. તેમાં વડીલ સંત સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી કેશવજીવનદાસજી તેમજ અન્ય વડીલ સંતો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સંચાલન કર્યું હતું. ખૂબ જ અતિ ઉત્સાહથી ભક્તિનગરના બહેનો, ભાઇઓ બધા સત્સંગીઓ, સાં.યો. બહેનો લાભ લીધો હતો. લોયાના શાકોત્સવની સુગંધ અમારા શાકોત્સવમાં આવતી હતી. સાંજે શિબિર રાખવામાં આવી હતી. સ્વામી કૃષ્ણવિહારીદાસજી કથાના વક્તાપદે હતા. માતા વિશે અમોને બહુજ સરસ જ્ઞાન આપ્યું કે જીવનમાં ''મા'' કેવી હોવી જોઇએ. બાળકોને સત્સંગનું જ્ઞાન આપવા ભલામણ કરી હતી. શિબિર બાદ પ્રસાદ લીધા પછી સૌ છુટા પડયા હતા.

- અહેવાલ : જોધાણી રમીલા દેવજી

## અંજાર મંદિરે મહોત્સવો

**ઉપવાસ ઉત્સવ :** શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પોષસુદ પૂનમ રવિવાર તા.૨૭-૧-૨૦૧૩ના રોજ ઉપવાસ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સારી એવી સંખ્યામાં યુવાનો-ભાઇ બહેનોએ લાભ લીધો હતો. સવારે મંદિરે શણગાર આરતી બાદ ભુજ પ્રયાણ કર્યું. ભુના દેવોનું દર્શન કરી, હમીસર તળાવમાં સંતો સાથે યુવાનો સ્નાન કરીને અંજાર પરત ફર્યા હતા. શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધશતાબ્દીક મહોત્સવના ઉપલક્ષમાં અનેરો ઉત્સવ... ઉપવાસ ઉત્સવ... કરીને હરિભક્તો કલ્યાણના માર્ગે જઇ ધન્ય થઇ ગયા. આ ઉત્સવમાં પુ. સ્વામી હરીબળદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનીદાસજી તથા સ્વામી રામપ્રિયદાસજી સાથે રહ્યા અને મહંત સ્વામી હરિજીવનદાસજીના આશીર્વાદ પામ્યા.

**માંડવી નગરે પ્રભાતફેરી :** શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં દર મહિનાના પહેલાં રવિવારે પ્રભાત ફેરી યોજવામાં આવે છે. તે અનુસંધાને આ મહિનામાં તા.૩-૨-૨૦૧૩ રવિવારે માંડવી નગરે અંજાર શહેર-બેન્સા વિસ્તાર તથા વાડી વિસ્તારના ભાઇ-બહેનો, યુવાનો હરિભક્તો બે લકઝરી બસ દ્વારા - અંજાર મંદિરે થી શણગાર આરતીના દર્શન કરીને માંડવી નગરમાં ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન બોલતાં પ્રભાતફેરી ફર્યા હતા. જે નગરમાં ફરીને માંડવી મંદિરે.. શ્રી વૃંદાવનવિહારી, શ્રી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરીને મહારાજ સમીપે ભજન- કિર્તન કરી બપોરે મહાપ્રસાદ લઇને સંતોના દર્શન આશિર્વાદ લઇને માંડવી સમુદ્રમાં સંતો સાથે સ્નાન કરી ત્યાંથી પરત અંજાર આવ્યા. જેમાં સંતો સ્વામી અક્ષરપ્રિયદાસજી - સ્વામી માધવચરણદાસજી, સ્વામી સુવ્રતમુનીદાસજી અને સ્વામી રામપ્રિયદાસજી સાથે રહ્યા હતાં.

**વસંત પંચમી-શિક્ષાપત્રી જયંતી :** શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીની ૧૮૮મી જયંતિ નિમિત્તે મંદિરના સભાખંડમાં વહેલી

સવારે મંગળા આરતી બાદ સમુહમાં શિક્ષાપત્રી પૂજન કરવામાં આવ્યું. જેમાં સ્વામી સુવ્રતમુનીદાસજી તથા સ્વામી દેવવિહારીદાસજીએ શ્લોક ઉચ્ચારીને શિક્ષાપત્રી પૂજન કરાવેલ. બહેનો ઘનશ્યામ મહારાજની સમીપે પૂજન કરેલ. પૂજન બાદ મહંત સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા. ત્યાર બાદ શણગાર આરતી બાદ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા યુવતી મંડળ તથા હરિભક્તો ભાઇ-બહેનો દ્વારા અંજાર શહેરના મુખ્યમાર્ગ ઉપર ફરી અને સંતો દ્વારા શિક્ષાપત્રી શ્લોકનું ગાન કરીને પ્રભાતફેરી મંદિરે પરત ફરી હતી.

**સત્સંગ સભા :** શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષે તા.૧૭-૨-૨૦૧૩ રવિવારના સાંજે મંદિરના પટાંગણમાં વિશેષ સત્સંગ સભા રાખવામાં આવી. જેમાં હરિભક્તો-ભાઇઓ તથા બહેનોએ લાભ લીધો. સંધ્યા આરતી બાદ પુરાણી દેવવિહારીદાસજીએ પોતાની મધુરવાણીમાં કથા કરી હતી, અને મહંત સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા અને કથા અંતે શયન આરતી બાદ સર્વે હરિભક્તોએ ખીચડી કઢીનો પ્રસાદ લીધો તેવું કોઠારી સ્વામી પ્રભુવલ્લભદાસજીની યાદી જણાવે છે.

- અહેવાલ : રમણીક સોલંકી

## ખેલ મહાકુંભમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ ચેમ્પિયન




ગુજરાત રાજ્ય સરકાર આયોજીત ખેલ મહાકુંભની વિવિધ રમતો તા.૧૯-૦૧-૨૦૧૩ થી તા.૧૩-૦૨-૨૦૧૩ સુધી યોજાઇ હતી. એમાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ જોમપૂર્વક ભાગ લીધેલ હતો. જેમાં બીચ વોલીબોલ, હેન્ડબોલ, યોગાસન અને એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોમાં ફાઇનલ સુધી પહોંચી હતી. ત્યાર બાદ આ તમામ રમતોની ફાઇનલ સ્પર્ધા ગાંધીનગર મુકામે યોજવામાં આવી હતી.

જેમાં સૌ પ્રથમ બીચ વોલીબોલ સ્પર્ધા યોજાઇ હતી. ત્યારબાદ અન્ડર-૧૬ હેન્ડબોલમાં રાજ્યમાં તૃતિય ક્રમાંક મેળવીને કચ્છ જીલ્લાનું ગૌરવ વધાર્યું હતું. અને અન્ડર-૧૬ એથ્લેટિક્સમાં ગોરસીયા દક્ષાએ ૮૦૦મીટર દોડમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સમગ્ર ખેલ મહાકુંભમાં યોજાયેલ આ વિવિધ રમતોમાં ચેમ્પિયન બનેલી શાળાની વિદ્યાર્થિનીઓને સાહેબશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ટ્રોફી આપીને વિદ્યાર્થિનીઓને નવાજવામાં આવી હતી. તેમજ ચેમ્પિયન બનેલી વિદ્યાર્થિનીઓને ચેક, ટ્રેકસુટ તેમજ ચંદ્રકો તેમની સિદ્ધિઓ બદલ આપવામાં આવ્યા હતા.

શાળાની વિદ્યાર્થિનીઓએ મેળવેલી આ સિદ્ધિ બદલ શ્રી દક્ષાબેન પિંડોરીયાએ રમગ ગમત ક્ષેત્રે આવી સોનેરી સિદ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. - અહેવાલ : આચાર્યા

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ મધ્યે ૧૪મો વાર્ષિક પાટોત્સવ ૨૦૧૩

આ પાટોત્સવ પ્રસંગે ત્રિદિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. કથાના અને પાટોત્સવના યજમાન અ.નિ. ગં.સ્વ. માતૃશ્રી કોરઈબેન અને અ.નિ. પિતાશ્રી પુંજાભાઈ નીશરની પુણ્યસ્મૃતિમાં ઘનશ્યામભાઈ પુંજાભાઈ નીસર આદિ બંધુ પરિવારે અલભ્ય લાભ લઈ ઠાકોરજીને તેમજ સંતોને ખૂબ ખૂબ રાજી કરેલ હતા. આ પ્રસંગે યજમાનની અતિ ભાવનાથી ભુજ મંદિરેથી ૭૨ જેટલા

સંતો પધારી આ પરિવારને ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧-૨-૨૦૧૩ના રોજ સવારે પાર્લાના મહંત પુરાણી સ્વામી મહાપુરુષદાસજીએ સભામંડપમાં દેવોનું સ્થાપન પૂજન કરાવેલ હતું. અને બપોરે ૨ કલાકે પોથીયાત્રાનું આયોજન થયેલ હતું. ત્યારબાદ વક્તા શા.સ્વામી ભક્તવત્સલદાસજી અને શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સુમધુર શૈલીમાં ઘનશ્યામલીલામૃતસાગરની કથાનું રસપાન કરાવેલ હતું.

આ અંતર્ગત જે જે ઘનશ્યામમહારાજનાં ચરિત્રો આવતા તેનું દિવ્યચિત્રો સાથે મોટી એલ.ઈ.ડી. ટી.વી. ઉપર વર્ણન કરવામાં આવતું. આવા દિવ્ય ઘનશ્યામમહારાજનાં ચરિત્રોનું ચિત્ર સાથે વર્ણન જોઈ સાંભળીને સર્વે ભક્તસમુદાય મંત્રમુગ્ધ થયેલ હતા. કથાના પહેલા સત્રમાં ધામધૂમથી ઘનશ્યામ જન્મોત્સવ પણ ઉજવાયેલ હતો.

પહેલી રાત્રીએ ભુજ મંદિરના સાં.યો. સામબાઈ ફઈની નિશ્રામાં અને સાં.યો. રમીલાબાઈની મદદથી યુવતી મંડળ કાર્યક્રમ યોજાયેલ હતો. બીજે દિવસે ગુજરાતી અનુવાદ શ્રીમદ્ભગવદગીતા પુસ્તિકાનું વિમોચન મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીએ કર્યું હતુ. પુસ્તિકાનાં યજમાન પદે રતીલાલભાઈ સવજી વાવીયા રહ્યા હતા. ત્યારબાદ રાત્રીએ દ્વારકાવાડા જીતુભાઈનો હાસ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ત્રીજે દિવસે પ્રભાતે સમૂહ મહાપુજા કરાવીને પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ સર્વેને હરિમાં ભાવાન્વિત કર્યા હતા. અને ત્યારબાદ સદ. મહંત પુ. ધર્મનંદનદાસજી આદિ સર્વે સંતો અને યજમાન પરિવારે ઠાકોરજીનો મહાભિષેક કરેલ હતો. અને બરોબર ૧૨ કલાકે ઠાકોરજીને અન્નકુટનો ભોગધરાવીને અન્નકુટઆરતી થયેલ અને સર્વે ભક્તગણ મહાપ્રસાદ લીધેલ હતો.

ત્યારબાદ ૨ કલાકે નગરયાત્રા શરૂ થયેલ હતી. જેમાં ૭ મોટા રથો, ગામોગામથી પધારેલ મંડળીઓ, અને વિશેષ મારવાડી રાસ રમવા પધારેલા પલાસવાનાં ભક્તો, તેમજ બેન્ડવાજા સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત સંતો ભક્તોથી ભરચક આ દિવ્યભવ્ય ઠાકોરજીની નગરયાત્રા અતિ દર્શનીય હતી. જેને જોઈને સર્વે મુંબઈવાસી અતિ મંત્રમુગ્ધ થયા હતા. શોભાયાત્રા મંદિરનાં પટાંગણમાં પધાર્યાબાદ ભુજ મંદિરનાં મહંત સ્વામી તેમજ પાર્લાના મહંત સ્વામી આદી સર્વે યજમાન પરિવારનું સન્માન કરીને ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને રાત્રીએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ ભવ્ય રહ્યો હતો. આ રીતે આ ત્રિદિનાત્મક પાટોત્સવની પારાયણ ભવ્ય રહી હતી.

લી. શા સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

## શિક્ષાપત્રી પૂજન

ગામ કેરામાં વસંત ઉત્સવ તા.૧૫-૦૨-૨૦૧૩ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપનાને દસ વર્ષ પૂરા થતાં અનેક વિધ આયોજન કરવામાં આવ્યા એ અંતર્ગત વંસત પંચમી (શિક્ષાપત્રીદિન)ના શુભદિને પરમ પવિત્ર ગ્રંથ શિક્ષાપત્રીનું સમૂહવાચન તથા સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું. શ્રી શીવજી ભચુ ભુવાના યજમાનપદે પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

અહેવાલ : શીવજી નાથા ભુવા

## અક્ષરવાસ

- ગામ ઇસ્ટ લંડનવાસી પ.ભ. ભચીબાઇ કરસનભાઇ લાલજી વેકરીયા ગામ સુખપુરના તા. ૯-૧૧-૨૦૧૨ને રોજ અક્ષરવાસી થયા છે. પુણ્યાત્માને શ્રીહરિ તેમના ચરણોનું સુખ આપે તેજ પ્રાર્થના...
- ગામ માનકુવા નિવાસી પ.ભ. કરસનભાઇ જાદવા વરસાણી ગામ ઇસ્ટ લંડન તા. ૧૫-૧૧-૨૦૧૨ને રોજ અક્ષરવાસી થયા છે. પુણ્યાત્માને શ્રીહરિ તેમના ચરણોનું સુખ આપે તેજ પ્રાર્થના...
- ગામ માધાપર નવાવાસના શ્રી વાઘજી નાનજી વસ્તા વેકરીયા તા.૧-૨-૨૦૧૩ના રોજ ૯૪ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પુણ્યાત્માને શ્રીહરિ તેમના ચરણોનું સુખ આપે તેજ પ્રાર્થના...
- અ.નિ.મુકુન્દભાઇ હરિલાલ જોશી, ૬.વર્ષ ૫૬ શ્રી હરિનું સ્મરણ કરતાં કરતાં તા.૮-૧-૨૦૧૩ના સફલા એકાદશીના મંગળવારના રોજ અક્ષરધામ સિધાવ્યા છે. શ્રીજી મહારાજ દિવગંત પુણ્યાત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના..

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ ટેમ્પલ (મંદિર)
## પર્થ, ઓસ્ટ્રેલીયા : મૂર્તિ-પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

પર્થ, ઓસ્ટ્રેલીયાને આંગણે, શ્રી સ્વામિનારાયણ ભગવાન મૂર્તિ - પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ તા.૧૦-૧-૨૦૧૩ થી તા.૧૪-૧-૨૦૧૩ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે ખૂબ જ ધામધૂમથી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા અમદાવાદના મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા તીર્થધામ ભુજનગરથી પધારેલ મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વંદનીય સંતવૃંદની પવિત્ર નિશ્રામાં, વેદોક્ત વિધિસર ભગવત્સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા વિધિ, પવિત્ર પુણ્યકાળ મકરસંક્રાંતિના દિવસે સંપન્ન થયો. જેમાં ભારત, કેન્યા, લંડન, અમેરિકા, ન્યુઝીલેન્ડ તથા સીડની, મેલબોર્ન, એડેલેડ તથા બીસ્બેનના ભાવિક ભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

બુધવાર તા.૯-૧-૨૦૧૩ના પ્રભાતફેરી મંદિરના પ્રાંગણમાં ફરી. તેજ દિવસે સાંજે ૬.૦૦ વાગે મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય. તે માટે પ.પૂ.સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા વાયુકોણમાં સમગ્ર હરિભક્તોની હાજરીમાં વિજયધ્વજ ફરકાવવામાં આવ્યો. તથા શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણના શુભારંભ માટે, મુખ્ય યજમાન તથા સહ યજમાન પરિવાર દ્વારા, પોથીપૂજન થયા બાદ, પોથીયાત્રા સમગ્ર મંદિરના પ્રાંગણમાં સંતો-હરિભક્તો દ્વારા આનંદ ઉલ્લાસથી ફરીને, સભામંડપમાં પધારીને પૂર્ણ કરવામાં આવી.

ગુરૂવાર તા.૧૦-૧-૨૦૧૩ના સુવર્ણ પ્રભાતે, શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણની, યજમાન પરિવારો દ્વારા પૂજન-આરતી- વકતાપૂજન કર્યા બાદ શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુરાણી સંતસ્વરૂપદાસજી વ્યાસાસને બિરાજી કથાની શરૂઆત થઈ. જેનાં સર્વે હરિભક્તોએ કથાશ્રવણનો અલભ્ય લાભ લીધો. દરરોજ સવારે તથા સાંજે પૂજનીય સંતોએ વ્યાસાસને બિરાજીને, ભગવાનના લીલાચરિત્રોનું અલૌકિક, તાદશ વર્ણન કરીને સર્વશ્રોતાગણને મંત્રમુગ્ધ કરીને, ભાવવિભોર કરી દીધેલ. કથા સમય દરમ્યાન, હરિભક્તોએ આપેલ આર્થિક યોગદાનને ધ્યાનમાં રાખી, પર્થસત્સંગ સમાજે દેશ-વિદેશ તથા સ્થાનિક હરિભક્તોના સન્માન કરી, પહેરામણી અર્પણ કરીને આભાર પ્રગટ કરેલ.

સંપ્રદાયના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સમગ્ર ધર્મકુળ પર્થને આંગણે પધારીને પર્થના હરિભક્તોને અમૂલ્ય ધર્મ-લાભ આપેલ.

મહોત્સવ દરમ્યાન મહાવિષ્ણુયાગનું આયોજન થયેલ. જે અન્વયે મુખ્ય યજમાન તથા સહયજમાન પરિવાર તથા દાતાશ્રીઓએ ત્રણ દિવસ સુધી યજ્ઞમાં ભાગ લઈને, ભગવાન યજ્ઞનારાયણને પ્રસન્ન કરીને પુણ્ય કમાવવામાં સહભાગી થયેલ.

સૌથી વધારે આકર્ષણ જમાવેલ નગરયાત્રા અવર્ણનીય તથા પ્રશંશનીય સંભારણું બની રહ્યું. પ.પૂ.ધ.પૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી પ.પૂ.લાલજી મહારાજશ્રી, અમદાવાદ મંદિર તથા ભુજનગરથી પધારેલ મહંત સ્વામીશ્રી તથા સંતવૃંદ, ભજન મંડળી, લેઝીમદળ, પાઈપબેન્ડ તથા સત્સંગી ભાઈઓ-બહેનો, સમગ્ર હરિભક્તો દ્વારા ''બેનેટસ્પ્રીંગ'' વિસ્તારથી મંદિરના પ્રાંગણ સુધી ૨ કી.મી. લાંબી શોભાયાત્રામાં સર્વેને ખૂબ જ આનંદ થયો. પ.પૂ.ધ.ધૂ.

આચાર્ય મહારાજશ્રીનું મુખ્ય પ્રવેશદ્વાર ઉપર કળશ તથા ફૂલહારથી બહેનોએ સ્વાગત કરી અનેરો લાભ લીધો. પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીએ રંગોત્સવ કરી સર્વ હરિભક્તોને રંગ છાંટણાથી ભીંજવીને શ્રીજી સમકાલીન લીલાની યાદ અપાવી.

તા.૧૪-૧-૨૦૧૩ને મકર સંક્રાંતિના પુણ્ય પવિત્ર દિવસે વેદોક્ત વિધિસર પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા પૂજનીય વડીલ સંતો દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક, ભગવત સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠાવિધિ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે બપોરે ૧૨.૦૦ વાગે અન્નકુટની આરતી સાથે સંપન્ન થયો. હરિભક્તોએ મનમુકીને, પોતાના જીવનને ધન્ય કરવા ''આવો અવસર ફરી નહીં મળે'' તેવી ભાવનાથી વિવિધ ઉત્સવો જેવા કે મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્ઘાટન, નિજ મંદિરના દ્વાર ખોલવા, મંદિર શિખર ઉપર કળશ, ધ્વજદંડ ચડાવવા, ભગવત સ્વરૂપોના સિંહાસન ઉપર ધ્વજા ચડાવવા વિગેરેમાં ખૂબ જ ઊંચો આંક બોલીને ભગવાનની પ્રસન્નતા મેળવી મહોત્સવ દરમ્યાન પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદસાજીએ ''સોવીનીચર બૂક ''આવો પધારો અક્ષરધામના અધિકારી બનો'' તથા ઓડીયો સી.ડી. ''આવોને પર્થ મંદિરીએ''નું વિમોચન કરેલ.''

રોજ રાત્રે સત્સંગી ભાઈઓ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસની રમઝટ જેવા વિવિધ કાર્યક્રમોમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધેલ.

''પર્થને આંગણે ધજ જગન થઇ ગયો''

નિજ મંદિરમાં પધરાવેલ ભગવત સ્વરૂપો :

- બાલ ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી, નરનારાયણ દેવ, રાધાકૃષ્ણદેવ, શ્રી શિવ પરિવાર, શ્રી રામ પરિવાર, શ્રી સૂર્યનારાયણ દેવ, શ્રી વિઘ્ન વિનાયક દેવ, શ્રી કષ્ટભંજન દેવ.

- લી. શ્રી મનજીભાઈ શીવજી ભંડેરી- મંત્રી

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઈરોબી, નૂતન મંદિર - લંગાટા, શિલાન્યાસ વિધી મહોત્સવ



આજ થી ૫૮ વર્ષ પહેલા નાઈરોબી મધ્યે કિરીન્યાગા રોડ ઉપર શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરની સ્થાપના કરવામાં આવી. ઉત્તરોત્તર હરિભક્તોની સંખ્યામાં વધારો થતાં મંદિરમાં સંકડાશ થવા લાગી. ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણાથી લંગાટા વિસ્તારમાં હરિભક્તોના સાથ અને સહકારથી સાડા આઠ એકર જમીન સંપાદન થઈ. ગત ઓગષ્ટ માસમાં મહંત સ્વામી આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં જમીનનું ભૂમિ પૂજન થયું.

ગત તા.૧૦-૦૨-૨૦૧૩ રવિવારના રોજ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, સ.ગુ.મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, સ.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.પુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.પુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.પુ.સ્વામી શ્રી

# પર્થ (ઓસ્ટ્રેલીયા) શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં ઉજવાયેલ
# દેવોની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની આછી ઝલક














શિક્ષાપત્રી જયંતી પ્રસંગે ભુજ મંદિરના સભામંડપમાં શિક્ષાપત્રીનું સમૂહ પૂજન તથા મહાઆરતી કરતા સંતો યજમાનશ્રીઓ અને હરિભક્તો



અંજાર મંદિરમાં શિક્ષાપત્રી પૂજન સાથે શોભાયાત્રા



બળદિયા નિ.વા. મંદિરમાં શિક્ષાપત્રી પૂજન




માનકુવા ભક્તિનગર મંદિરમાં સમૂહ વચનામૃત પારાયણ તથા ગાયોના ચારાનું વિતરણ










**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત**
**શ્રી સ્વામિનારાયણ કન્યાવિદ્યા મંદિરના વાર્ષિક મહોત્સવ પ્રસંગે યોજાએલ વિવિધ કાર્યક્રમો અને ઉપસ્થિત મહાનુભાવો તેમજ ખેલમહાકુંભમાં ચેમ્પીયન બનેલ વિદ્યાર્થીનીઓ.**





**ગામ કોડકીમાં ઉજવાયેલ શાકોત્સવ તથા ગાયમાતાઓને નિરણ આપતા સંતો અને દાતાશ્રીઓ**






**ગામ આમારામાં સંતોના સાનિધ્યમાં ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ**

# મોમ્બાસા (કેન્યા) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના
# ૫૩માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગની આછી ઝલક













(અનુ.પાના નં. ૨૧ ઉપર)

(પાના નં. ૧૬થી ચાલું)



હરિદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત આદિ વડીલ સંતોની પાવન નિશ્રામાં મંદિરનું ખાત મૂહુર્ત સંપન્ન થયું.

આ શિલાન્યાસ વિધિના ઉપક્રમમાં કિરીન્યાગા રોડ ઉપર મંદિરમાં ગુરૂવાર તા.૭-૨-૧૩ થી તા.૯-૨-૧૩ શનિવાર સુધી ત્રિદિવસીય જ્ઞાન યજ્ઞ પારાયણનું આયોજન થયેલ હતું.

રવિવાર તા.૧૦-૦૨-૨૦૧૩ના રોજ વહેલી સવારે ૬.૩૦ વાગ્યામાં દરેક હરિભક્તોને માટે સવારના નાસ્તારૂપી ભોજનની વ્યવસ્થા લંગાટા સૂચિત મંદિરની જગ્યામાં રાખવામાં આવેલ હતી. સવારના સાડા સાત વાગ્યે સંતો પધાર્યા સાથે સાથે માનવ મેદની ઉભરાવા લાગી. બરાબર આઠ વાગ્યે મહારાજશ્રીનું હેલીકોપ્ટર દ્વારા આગમન થયું. મહારાજ શ્રી અને સંતો ૧૧૫ ફુટ પહોળા અને ૨૩૦ ફુટ લાંબા વિશાળા સભામંડપમાં પધાર્યા ત્યારે માનવ મહેરામણના હૈયા હિલોળા લેવા લાગ્યા.

સંતો અને મહારાજશ્રીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યા પછી સંતોએ કીર્તન ગાયું અને ત્યાર બાદ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વચનામૃતનું પાન કરાવ્યું હતું. ત્યાર બાદ શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર તેમજ પૂ.આ. સ્વામિ મંદિરના યુવાન હરિભક્તોએ પ્રસંગને અનુરૂપ પોતાના વિચારોમાં મંદિરનું અને સંતોનું મહાત્મય વ્યક્ત કર્યું હતું. ત્યાર પછી મહારાજશ્રી, મહંત સ્વામી, વડીલ સંતોના સાંનિધ્યમાં મંદિરના ટ્રસ્ટીજનોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યની શરૂઆત કરી. સભાપતિ તરીકે જેનું નામ સમગ્ર કચ્છના સત્સંગમાં ગુંજી રહ્યું છે એવા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી એ માઇક ઉપર પોતાનું સ્થાન લઇ ખાત મૂહુર્તના મુખ્ય યજમાન તરીકે લાભ લેવા આંક બોલવા અપીલ કરી. સભાપતિની અપીલની સાથે નામો આવતા ગયા અને છેલ્લે મંદિરના માજી ટ્રસ્ટી ગામ બળદીયાના પ.ભ. શ્રી પ્રેમજીભાઇ મેઘજી વેકરીયા સુપુત્ર પરબતભાઇ તથા પુત્ર નારણભાઇ વેકરીયા પરીવાર તથા બીજા યજમાન મંદિરના ટ્રસ્ટી ગામ મીરઝાપરના પ.ભ. શ્રી ખીમજીભાઇ ભીમજી શીયાણી સુપુત્ર હિરજીભાઇ સુપુત્ર કરશનભાઇ સુપુત્ર નિમેશભાઇ આમ બંને પરિવાર સાથે મળી સૌથી ઊંચો આંક આપી ખાતમૂહુર્તના મુખ્ય યજમાન થવા માટે એક, બે અને ત્રણ વખત નામ બોલાયાં ત્યારે લગભગ સાડા પાંચ હજારની જનમેદની એ બંને પરિવારને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

ત્યાર પછી અલગ અલગ ઘટકોની જે સેવા આવી એમાં સૌ પ્રથમ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ, સિંહાસન તથા શિખરના યજમાન શ્રી ભુજ મંદિર રહેશે એવી વાત મહંત સ્વામીએ સભામાં કરી. ત્યાર પછી ની સેવામાં ગામ નારણપરના પ.ભ.શ્રી કલ્યાણભાઇ કરસન કેરાઇ સુપુત્ર કુરજીભાઇ પરિવાર, તથા નારણપરના પ.ભ. શ્રી લક્ષ્મણભાઇ શીવજી વેકરીયા સુપુત્ર હરીશભાઇ પરિવાર, તથા નારણપરના પ.ભ. શ્રી દેવજીભાઇ કાનજી વેકરીયા સુપુત્રો રામજીભાઇ પરિવાર તથા પ્રેમજીભાઇ પરિવાર, આમ સર્વ સાથે મળી ભાઇઓના મંદિરમાં શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ તથા સિંહાસનના યજમાનની સેવા કરી, તથા આ પરિવાર સાથે મળી બહેનોના મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા સિંહાસનના યજમાન થવાનો પણ અલભ્ય લાભ લીધો. ગામ બળદીયાના પ.ભ. શ્રી કંવરજીભાઇ મનજી કેરાઇ સુપુત્ર જાદવજીભાઇ તથા પ્રેમજીભાઇ કુટુંબ પરિવારે ભાઇઓના મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ તથા સિંહાસનના યજમાન થવાનો લાભ લીધો. તથા ગામ સૂરજપરના પ્રવિણભાઇ વાલજી પિંડોળીયા પરિવાર,

તથા જીતુભાઇ વાલજી પિંડોરીયા પરિવાર, તથા નારણપરના હિરજીભાઇ વેલજી વાઘજીયાણી પરિવાર, તથા દહિંસરાના પ.ભ. કુરજીભાઇ લાલજી ગોરસીયા હસ્તે સુપુત્રો કિશોરભાઇ પરિવાર તથા દેવેન્દ્રભાઇ પરિવાર, તથા બળદીયાના દિપકભાઇ ઝીણા રાબડીયા પરિવાર, તથા બળદીયાના વાલજીભાઇ લક્ષ્મણ વેકરીયા પરિવાર, આમ આ ૬ પરિવાર સાથે મળી ભાઇઓના મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા સિંહાસનના યજમાન થવાનો લાભ લીધો. ગામ માધાપરના અ.નિ.પ.ભ. શ્રી ગોવિંદભાઇ ભીમજી વેકરીયા સુપુત્ર હરીશભાઇ કુટુંબ પરિવારે બહેનોના મંદિરમાં શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિના તથા સિંહાસનના યજમાન થવાનો મોકો લીધો. ગામ મીરઝાપરના હાલ યુગાન્ડા નિવાસી માતૃ શ્રી જશુબેન પરબત ભીમજી શીયાણી હસ્તે સુપુત્ર મનીષભાઇ પરિવારે બહેનોના મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ તથા સિંહાસનના યજમાન થવાનો લાભ લીધો. ગામ વાડાસરના અ.નિ.પ.ભ. શ્રી દેવજીભાઇ ગાંગજી રાબડીયા સુપુત્ર મેઘજીભાઇ પરિવાર ભાઇઓના મંદિરના સહજાનંદ સ્વામીના અવકાશી શિખરના યજમાન થયા. ગામ દહિંસરાના પ.ભ.શ્રી જાદવાભાઇ રામજી ખીમાણી સુપુત્રો રવજીભાઇ પરિવાર, વિનોદભાઇ પરિવાર તથા લાલજીભાઇ પરિવાર ભાઇઓના મંદિરના નરનારાયણદેવના અવકાશી શિખરના યજમાન થયા. ગામ સામત્રાના દિનેશભાઇ હિરજી વરસાણી પરિવાર તથા માંડવીના મહેશભાઇ વેકરીયા પરિવાર સાથે મળી ભાઇઓના મંદિરના રાધાકૃષ્ણદેવના અવકાશી શિખરના યજમાન થયા. તથા ગામ નારણપરના અ.નિ.પ.ભ. શ્રી શામજીભાઇ નારણ સેંઘાણી સુપુત્રો વિશ્રામભાઇ પરિવાર, લાલજીભાઇ પરિવાર અને કરસનભાઇ પરિવાર એ બહેનોના મંદિરના ત્રણે અવકાશી શિખરોના યજમાન થવાનો અલભ્ય લાભ લીધો હતો. ગામ બળદીયાન પ.ભ.શ્રી વિશ્રામભાઇ ખીમજી કરસન રાઘવાણી સુપુત્રો ગોપાલભાઇ પરિવાર કષ્ટ ભંજન હનુમાનજી મહારાજની મૂર્તિ તથા સિંહાસનના યજમાન થયા. હનુમાનજી મહારાજના અવકાશી શિખર માટે ગામ બળદીયાના પ.ભ. શ્રી માવજીભાઇ ખીમજી વેકરીયા સુપુત્રો રવિભાઇ તથા ભરતભાઇ પરિવારે લાભ લીધો. ગામ નારણપરના પ.ભ. શ્રી કાનજીભાઇ કલ્યાણ નારણ સેંઘાણી સુપુત્રો પરેશભાઇ પરિવાર તથા મહેશભાઇ પરિવારે વિઘ્નવિનાયક શ્રી ગણપતી મહારાજની મૂર્તિના તથા સિંહાસનના યજમાન થવાનો લાભ લીધો. ગણપતિ મહારાજના અવકાશી શિખરના યજમાન થવાનો લાભ ગામ કોડકી ભવાનીપુરના પ.ભ.શ્રી હરજીભાઇ લક્ષ્મણ હિરાણી સુપુત્ર મનજીભાઇ પરિવારે લીધો હતો. ગામ સામત્રાના પ.ભ. શ્રી કાનજીભાઇ કુંવરજી વરસાણી પરિવારે રામ પરિવારની મૂર્તિ તથા સિંહાસનના યજમાનનો લ્હાવો લીધો. રામ પરિવારના અવકાશી શિખરના યજમાન ગામ બળદીયાના પ.ભ.શ્રી કેશરાભાઇ વાલજી જેશાણી સુપુત્ર દિપકભાઇ પરિવાર રહ્યા હતા. ભાઇઓના સભા મંડપ (નીજ મંદિર)ના યજમાન ગામ રામપરના પ.ભ.શ્રી લાલજીભાઇ કરસન વેકરીયા સુપુત્રો ગોપાલભાઇ પરિવાર, રવજીભાઇ પરિવાર તથા લક્ષ્મણભાઇ પરિવાર રહ્યા હતા. અને બહેનોના સભામંડપ (નીજ મંદિર) ગામ રામપરના લાલજીભાઇ કરસનના ધ.પ. પુરબાઇ લાલજી વેકરીયા હસ્તે પુત્રવધુ રતનબેન ગોપાલ, પુત્રવધુ વીરબાઇ રવજી તથા પુત્રવધુ લાલબાઇ લક્ષ્મણ વેકરીયા કુટુંબ પરિવાર રહ્યા હતા.

વિશેષમાં સામાજીક કાર્ય માટેનો ખંડ, રસોડા વિભાગ, જમણવાર માટેનો ખંડ તેમજ સમગ્ર પરિસરના મુખ્ય પ્રવેશદ્વાર, ૧ મુખ્ય વિશાળ ઘુમ્મટ, મધ્યમ કક્ષાના ૮ ઘુમ્મટ તથા ૩૮ નાની કક્ષાના ઘુમ્મટ તથા મંદિરના ૨૬૦ આધાર સ્તંભો (પીલર)ના પણ યજમાન થવાનો લાભ હરિભક્તો એ લીધો હતો. જાણે સાક્ષાત નરનારાયણદેવ પ્રગટ થઇ હરિભક્તોને પ્રેરણા કરતા હોય એમ કલ્પનાતીત દાનના પ્રવાહનો જાણે ધોધ વહેવા લાગ્યો એ જોઇ વિશાળ જનમેદની મંત્ર મુગ્ધ થઇ ગઇ. આયોજકો પણ શ્રેષ્ઠી વર્ય દાનવીરોના ભાવને જોઇ એક બાજુ આનંદની અનુભૂતિ કરવા લાગ્યા અને બીજી બાજુ દાતાશ્રીઓનો ધસારો જોઇ નામની નોંધણી માટે પણ મીઠી મુંઝવણ અનુભવવા

લાગ્યા.

મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રીએ નાના મોટા સર્વ દાતારો તથા યજમાન પરિવારોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. વધુમાં જણાવ્યું કે જેવા સંપ અને ઉત્સાહથી આજનો પ્રસંગ ઉજવ્યો છે તેવો જ સંપ અને ઉત્સાહ છેવટ લગી રાખજો તો સમગ્ર કાર્ય સારી રીતે પાર પડશે અને શ્રીજી મહારાજ પણ અનેરા રાજી થશે.

મંદિરના ગોર શ્રી હરેશ મહારાજે ખાત મૂર્હતના બંને મુખ્ય યજમાનને કુટુંબ સહિત બેસાડી પૂજન વિધિ કરાવી હતી. મહંત સ્વામી, આચાર્ય મહારાજશ્રીને સાથે રાખી સ.પુ.સ્વામી કેશવપ્રસાદજીએ શિલાન્યાસ વિધિ કરાવી અને મહારાજશ્રી અને મહંત સ્વામી આદિ વડીલ સંતોએ યજમાન પરિવારને સાથે રાખી અંતિમ આરતી ઉતારી હતી.

મંત્રી શ્રી જાદવજીભાઇ હાલાઇ એ સર્વ શ્રેષ્ઠી વર્ય દાતારોનો આભાર માન્યો અને સાથે સાથે પોતાના અમૂલ્ય સમય નો ભોગ આપી આ ઉત્સવ ને ચાર ચાંદ લગાવવા માટે પધારવા બદલ આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ થી પધારેલા મહંત સ્વામી આદિ ચાલીશ (૪૦) સંતોના મંડળનો પણ આભાર માન્યો હતો. નામી અનામી યુવાન હરિભક્તો એ રાત દિવસ જોયા વગર આ ઉત્સવને સાંગોપાંગ પાર પાડવા માટે મહેનત કરવા બદલ અને આટલી મોટી સંખ્યામાં આ કાર્ય માટે પધારવા બદલ સર્વ હરિભક્તોનો પણ આભાર માન્યો હતો. અંતમાં આજ રોજ સવાર અને બપોરના મહાપ્રસાદ રૂપી ભોજનના યજમાન ગામ રામપરના પ.ભ. શ્રી લાલજીભાઇ કરસન વેકરીયા સુપુત્રો ગોપાલભાઇ, રવજીભાઇ તથા લક્ષ્મણભાઇ પરિવારનો આભાર માની શ્રી નરનારાયણદેવની જય બોલાવી કાર્યની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

અહેવાલ : નારણભાઇ રવજી ગોરસીયા - સહમંત્રી

## શ્રી નિલકંઠ મહોત્સવ - સીડની ઓસ્ટ્રેલિયા

મંદિરની સ્થાપના બાદ સંતો- હરિભક્તોનાં ૧૧ વર્ષના કઠોર પરિશ્રમ અને પુરૂષાર્થને અંતે માનવનાં મોક્ષના માર્ગને મોકળું મૂકતું મોહનવરનું મનોહર મંદિર નિર્માણ પામ્યું.

ખાતમૂહુર્ત થયા બાદ માત્ર ૭ મહિનામાં મંદિરનું નિમાર્ણ કરી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ''નિલકંઠ મહોત્સવ'' નામાભિધાન કરી તા.૧૬-૧-૨૦૧૩ થી તા. ૨૦-૧-૨૦૧૩ દરમ્યાન ઉજવાયો.

તા. ૬-૧-૨૦૧૩નાં વિજયધ્વજ રોપી ઉત્સવની શુભ શરૂઆત કરી. કોઇપણ કારીગરનાં માર્ગદર્શન વગર યુવાનોએ માત્ર પોતાની કોઠાસૂઝથી ભગવાનને રાજી કરવા માટે સજાવેલો થર્મોકોલનો સ્ટેજ નયનરમ્ય અને અદ્‌ભુત કોઇ મોટા રાજમહેલની ઝાંખી કરાવતો હતો. તા. ૧૫-૧-૨૦૧૩નાં સવારે પૂજ્ય મહંત સ્વામી આદિ ૨૮ સંતોની હાજરીમાં મંદિરનું વાસ્તુપૂજન સંપન્ન થયું અને બપોર પછી બેન્ડ-લેઝીમનાં સથવારે પોથીયાત્રા થઇ. પોથીયાત્રા બાદ મંદિરમાં સજાવેલા સભામંડપમાં ઉત્સવનું પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.સ્વામી કેશવપ્રસાદદાસજી, પાર્ષદવર્ય જાદવજી ભગત આદિ વડીલ સંતોનાં વરદ હસ્તે દીપપ્રાગટ્ય થયું. તથા મંદિરની સોવેનીયર બુક તથા ઉત્સવ નિમિત્તે બનાવવામાં આવેલી ઓડીયો સી.ડી. ''હરિ તુમ સાચે હિતકારી''નું વિમોચન થયું. સંતોનાં આશીર્વચનોની સાથે ઉત્સવનાં વધામણા થયાં. તથા આફ્રિકા, યુરોપ અને ભારતથી પધારેલા મહેમાનોને આવકાર્યા. સભાપતિ દ્વારા સમગ્ર ઉત્સવની કાર્યક્રમ રૂપરેખા વર્ણવાયા બાદ યુવાનોએ ખાસ તૈયાર કરેલ ઉત્સવનાં આમંત્રણ ગીતનાં સંગીત શબ્દો સાથે સ્ટેજનો લેઝર લાઇટ શો થયો જેને સૌને મંત્ર મુગ્ધ કરી દીધા.

તા.૧૬-૧-૨૦૧૩ના વિષ્ણુ-ગણેશ સ્થાપના

પૂજન યજમાનોનાં હાથે કંકણ બંધન, આરતી, મંગળાચરણ કરી વકતાશ્રીએ શતાનંદ સ્વામી રચિત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની શુભ શરૂઆત કરી.

સવારે અને સાંજે કથા સત્રો બાદ રાત્રે બાલિકા અને યુવતીમંડળના કાયક્રમમાં બાલિકાઓએ નૃત્ય, ગરબા પ્રેરણાપ્રદના નાટિકાઓ રજૂ કરીને શ્રોતાઓને રોમાંચિત કર્યા હતા.

તા. ૧૭-૧-૨૦૧૩ના સવારે યજમાનોને ભુજ મંદિરનાં ગોર ગુલાબ મહારાજ દ્વારા દેહશુદ્ધિ કરાવાઇ અને દ્વિતીય સત્રમાં તો હરિભક્તોએ ઘનશ્યામ મહારાજને રાજી કરવા ઉછમણીના માધ્યમથી ઓસ્ટ્રેલીયન ડોલરનો વરસાદ વરસાવી દીધો. મંદિર ઉપર રહેલ મોટાં લેણાંને પળવારમાં પૂરું કરી દીધું. આ દશ્યો જોઇને સંતોના અને હરિભક્તોનાં હૈયાં પૂલકિત થઇ ગયાં. પ.પૂ.મહારાજશ્રીએ પણ ભક્તોની આવી સમર્પણ ભાવનાને બિરદાવી હતી.

જે દિવસનાં સીડનીનાં ભક્તો વર્ષો થી પ્રતિક્ષા કરતા હતા તે દિવસ તા.૧૮-૧-૨૦૧૩નો શ્રી ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ ભગવાનનાં અરચાસ્વરૂપોન પ્રતિષ્ઠાનો દિન હતો. વહેલી સવારથી જ હરિભક્તો ભારતીય પરંપરાનો પોશાક સુરવાળ કુર્તામાં સજ્જ થઇ આવવા લાગ્યા. વેદોકત મંત્રોથી યજ્ઞ કુંડમાં આહુતિઓ અપાવવા લાગી. જય જય કારનાં દ્વનિ થવા લાગ્યા. બહેનો મંગળ ગીતો ગાવા લાગી અને પ્રાણ પ્યારા ઘનશ્યામ મહારાજનાં આગમનને વધાવવા હરખાતા હૈયે પ્રતિક્ષા કરવા લાગી. બરાબર ૧૦.૦૦ વાગ્યાના સુમારે પવિત્ર ભૂદેવોની હાજરીમાં પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, મહંત સ્વામી આદિ વડીલ સંતો સાથે રહી મહારાજની મૂર્તિમાં પ્રાણપૂરી જમણા કાનમાં ગાયત્રીમંત્ર કહીને મહારાજને અક્ષરધામમાંથી બોલાવી મૂર્તિમાં સ્થિર કર્યા અને કહ્યું કે આ ઘનશ્યામ મહારાજ અને અક્ષરધામમાં બિરાજતા ઘનશ્યામ મહારાજમાં અણુમાત્ર ફેર નથી.

પધરાવેલા પરમેશ્વરનો પંચામૃત થી અભિષેક થયો જેના દર્શનથી સંતો-ભક્તો ધન્ય ધન્ય થઇ ગયા. ત્યારબાદ વકતાશ્રીએ કથાની શુભ શરૂઆત કરી. પ.પૂ.મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો યજ્ઞશાળામાં પધારી વિષ્ણુયાગમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરાવી. સભામંડપમાં પધાર્યા. આજનાં પવિત્ર દિને સદ્.પાર્ષદ જાદવજી ભગત, સદ્. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સદ્.સ્વામી કેશવપ્રસાદદાસજી, સદ્.મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબ રૂડી ભલામણોની સાથે આશીર્વાદ આપ્યા. સભા સમાપ્તિ બાદ મંદિરમાં શ્રી ઠાકોરજી આગળ છપ્પનભોગ અન્નકુટની આરતી કરી દર્શન કરી સર્વે સંતો ભક્તો ઠાકોરજીનો પ્રસાદ લેવા પોતપોતાને રસોડે પધાર્યા.

સાંજે લેઝર શો દ્વારા પ્રતિષ્ઠિત કરાયેલાં દરેક અર્ચા સ્વરૂપોનાં વારાફરતી મહિમાગાન સાથે દર્શન કરાવાયા અને પછી તો એકી સાથે અનેક રંગબેરંગી લાઇટોથી મંદિર ઝળહળી ઊઠયું. અને યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયો માત્ર એક જ રૂપકને વિવિધ ભાગમાં પ્રદર્શિત કરી યુવાનોએ વ્યકિતનું જીવન ગ્રામ્યવાર્તામાં કેવી રીતે પસાર થઇ જાય છે. પ્રભુ સ્મરણ આજે કરીશ કાલે કરીશ કરતાં ઓચિંત અંત સમય આવી જાય છે તેવી જીવનની હક્કિત ખૂબ જ રમૂજ સભર શૈલીમાં પ્રસ્તુત કરી શ્રોતાઓનાં કાન પકડાવ્યા હતા.

તા.૧૯-૧-૨૦૧૩ના સીડની મંદિરના અતીશે રૂપાળા ઘનશ્યામ મહારાજનો રાજોપચાર વિધિ થયો જેમાં ભક્તો મનભરીને નાચ્યા. ભગવાનને પાલખીમાં ઝુલાવ્યા. ફૂલડે વધાવ્યા અને અંતે તો ડોલરથી પણ ભગવાનને ઢાંકી દીધા.

બપોરે ૨.૦૦ વાગ્યે શરૂ થયેલી શોભાયાત્રા ઓસ્ટ્રેલિયા માટે અદ્વિતીય હતી. આ શોભાયાત્રામાં ૩ ફલોટ, મંદિરની બેન્ડ પાર્ટી, લેઝીમદળ, વાજીંત્ર મંડળી, શળગારેલાં વાહનો અને કેશરીયા ટી-શર્ટમાં શોભતા ભક્તો, જાણે વસંતમાં કેસૂડાનો બાગ

ખીલ્યો હોય અને ભગવાનને વધાવવા જતો હોય તેવી લાગતી હતી. ઓસ્ટ્રેલીયાનાં ઇન્ટરસ્ટેટ, ન્યુઝીલેન્ડ વગેરે સ્થળોથી પધારેલા યુવાનો લેઝીમમાં જોડાઇને લેઝીમનાં વિવિધ દાવો બતાવી ઓસ્ટ્રેલીયનોને અચરજમાં નાખી દીધા. ઘણા ગોરા લોકો તો શોભાયાત્રાનાં પ્રારંભથી અંત સુધી સાથે જ રહ્યા.

તા.૨૦-૧-૨૦૧૩નાં વહેલી સવારે સંતોનાં સાંનિધ્યમાં સમૂહ મહાપૂજા મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનાં સાંનિધ્યમાં થઇ. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો ભાઇ-બહેનોએ લાભ લીધો હતો. સમૂહ મહાપૂજા બાદ અલ્પાહાર કરીને કથા પ્રસંગ અંતર્ગત ભવ્ય શાકોત્સવનાં દર્શન થયાં હતાં.

સીડની મંદિરનો નીલકંઠ મહોત્સવ ખૂબ જ આનંદ, ઉલ્લાસ, ભક્તિભાવ, સમર્પણ, સંપ અને સદ્‌ભાવ સાથે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતા વરસાવતો, પ.પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિ વડીલ સંતોનાં આશીર્વાદરૂપ ઝરણાથી ભીંજાવતો અને પધારેલા મહેમાનોને ભક્તિની હેલીમાં ભાવવિભોર કરતો સંપન્ન થયો. મહોત્સવમાં યુવાનો-યુવતીઓની સેવા બે નમૂન હતી. રસોડામાં સેવા કરતા ભક્તોઓ જે ન્યાલ કરી દીધા. વિવિધ પકવાનો, મિષ્ટાન્ન, ફરસાણ અને પીણા વગેરે મંદિરાં રસોડામાં જ બનાવી મુક્તમને હરિભક્તોને જમાડી ખૂબ જ રાજી કર્યા.

પારાયણનાં વકતાપદે શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી અને શા.સ્વામી સંતસ્વરૂપદાસજી રહી શ્રીજી મહારાજનાં ચરિત્રોનું રસપાન કરાવતાની સાથે ભક્તોને ભગવદ્‌મય જીવન જીવવાની ભલામણો પ્રસંગોપાત કરી હતી. સંગીતકાર સ્વામી અક્ષરમુકતદાસજી તથા તબલા સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીએ કથાને સંગીતના સૂરોથી રસાળ અને આલ્હાદક બનાવી હતી.

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સફળતા પૂર્વક પોતપોતાની આગવી શૈલીમાં સભાસંચાલન કર્યું હતું.

મહોત્સવમાં હરિભક્તોએ તન-મન-ધનથી મોકળા મને સેવા કરી હતી. ૨૫-૨૫ ચડાઓમાં ભાગ લઇ દાતાશ્રીઓ વરસ્યા હતા.

(૧) સ્ટેજ ઉદ્‌ઘાટન : પરબતભાઇ ભીમજી શીયાણી, મીરજાપર-કંપાલા (૨) સોવેનિયર બુક વિમોચન : દેવજીભાઇ રામજી વેકરીયા, નારણપર-એલ્ડોરેટ (૩) કીર્તન સીડી વિમોચન : હીરજીભાઇ વેલજી વાઘજીયાણી, નારણપર-નાઇરોબી (૪) શ્રી ઠાકોરજીનું પારણિયું : શાંતિલાલ વેલજી ભંડેરી તથા ભીમજીભાઇ રામજી હાલાઇ-નાઇરોબી (૫) શ્રી ઘનશ્યામ જન્મોત્સવ : શ્રી સ્વામિનારાયણ યુવક-યુવતી મંડળ, સીડની (૬) સાંસ્કૃતિક કાર્યક્રમ : ભક્તિ રવજી રાજાણી તથા રીયા અરવિંદ રાબડીયા - સીડની (૭) સંકુલ દ્વારનાં ઉદ્‌ઘાટા : કેશરાભાઇ લક્ષ્મણ વેકરીયા, નારણપર-નાઇરોબી (૮) નિલકંઠ હોલના ઉદ્‌ઘાટા : કાનજીભાઇ ખીમજી જેશાણી તથા માવજીભાઇ ધનજી વેકરીયા, બળદીયા - લંડન (૯) મંદિરના મુખ્ય દ્વારના ઉદ્‌ઘાટા : નાનજી - પ્રકાશ પ્રેમજી જેશાણી, જયેશભાઇ મહેન્દ્ર ગલીઆરા, દિનેશભાઇ વિશ્રામ વેકરીયા, નારણભાઇ પ્રેમજી વેકરીયા, ગોપાલભાઇ પરબત હાલાઇ (૧૦) શ્રી ઘનશ્યામ મહારાજ શિખર-ધજા : ફાઇ સ્વીચ ફેબ્રીકેટર્સ હા. શીવજીભાઇ વીરજી કેરાઇ તથા માવજીભાઇ કરસન રાજાણી - સીડની (૧૧) ભાઇઓના મંદિરમાં સહજાનંદ સ્વામી શિખર-ધજા : મનજીભાઇ વિશ્રામ વરસાણી, કેશરાભાઇ કાનજી વાઘજીયાણી તથા નારણભાઇ કુંવરજી વેકરીયા - સીડની (૧૨) શ્રી નરનારાયણદેવ શીખર-ધજા : રવીભાઇ પ્રેમજી રાઘવાણી, ધનજી લક્ષ્મણ રાઘવાણી, મનજી કાનજી રાઘવાણી (૧૩) શ્રી રાધાકૃષ્ણદેવ શિખર - ધજા : મેઘજીભાઇ મનજી આશાણી, જીતુભાઇ ભગવાનદાસ પટેલ, શાંતીભાઇ વેલજી ભંડેરી - નાઇરોબી (૧૪) બહેનોના મંદિરમાં શ્રી સહજાનંદ સ્વામી શિખર - ધજા : વાલજીભાઇ

કરસન હિરાણી પરિવાર - નાઇરોબી (૧૫) શ્રી નરનારાયણદેવ શિખર-ધજા : હીતેશ કેશરા વેકરીયા, ધીરજ વાઘજી કેરાઇ, અરૂષ શાંતિલાલ કાબરીયા, મહેશ મુરજી હિરાણી, રવજી રૂડા રાજાણી (૧૬) શ્રી રાધાકૃષ્ણદેવ શિખર - ધજા : વાલજીભાઇ મનજી ખેતાણી પરિવાર - સીડની (૧૭) શ્રી રામપરિવાર શિખર - ધજા : મનજી પ્રેમજી ડુંગર, માવજી રવજી વાલાણી (૧૮) શ્રી સૂર્યનારાયણદેવ શિખર - ધજા : વાલજી વિશ્રામ પીંડોરીયા, મનજી સામજી રાબડીયા (૧૯) શ્રી ગણેશજી શિખર - ધજા : વિશ્રામભાઇ લાલજી પીંડોરીયા - પર્થ (૨૦) શ્રી શિવ પાર્વતી શિખર - ધજા : કાનજીભાઇ નારણ હાલાઇ - એલ્ડોરેટ (૨૧) શ્રી હનુમાનજી શિખર - ધજા - સ્વીફ્ટ્ લોયર્સ એન્ડ સોલીસીટર્સ, હા. અનીતાબેન પ્રકાશ હાલાઇ - બોલ્ટન (૨૨) શ્રી શિવલીંગ : વિશ્રામ લાલજી પીંડોરીયા, ધનજી મુરજી ગામી, સુરેશ લાલજી વરસાણી, પ્રેમજી કેશરા ખેતાણી - પર્થ (૨૩) રાજોપચાર પૂજા : વિશ્રામભાઇ લાલજી પિંડોરીયા, ધનજીભાઇ લાલજી પીંડોરીયા - પર્થ (૨૪) શોભાયાત્રા : ધીરજ પ્રેમજી નારણ ખેતાણી - પર્થ (૨૫) હિંડોળો : સ્વામિનારાયણ મંદિર - પર્થ.

- અહેવાલ : શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસાનો ૫૩મો વાર્ષિક પાટોત્સવ



ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા આદિ સંતોના રૂડા આશીર્વાદથી મોમ્બાસા મધ્યે આ મંદિરનો ૫૩મો વાર્ષિક પાટોત્સવ મધ્યે શિક્ષાપત્રી ભાષ્યનું સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન રવિવાર તા. ૧૧-૨-૨૦૧૩ થી રવિવાર તા. ૧૭-૨-૨૦૧૩ સુધી રાખવામાં આવેલ હતું. આ જ્ઞાનયજ્ઞના મુખ્ય યજમાન અ.નિ. કરસનભાઈ ગાંગજી હીરાણી ગામ. આ. સુખપુર (હસ્તે. માવજીભાઈ તથા રવજીભાઈ) વાળા તરફથી દરરોજ સાંજ સવારે પ્રસાદ ખર્ચ તેમજ વસંત પંચમી (પાટોત્સવ) શુક્રવાર તા. ૧૫-૨-૨૦૧૩ના રોજે બપોર તેમજ સાંજે મહાપ્રસાદ ખર્ચ આપવામાં આવેલ. તેમજ દરરોજ જુદા-જુદા મહાપ્રસાદના યજમાન હતા તેની વિગત નીચે પ્રમાણે છે.

સોમવાર તા. ૧૧-૨-૧૩ અ.નિ. મેગજીભાઈ મનજી વરસાણી હ. હિતેન ગામ સામત્રા

મંગળવાર તા. ૧૨-૨-૧૩ ગામ સામત્રાના હરિભક્તો તરફથી

બુધવાર તા. ૧૩-૨-૧૩ વાલજીભઈ નારાણ મુલજી આ. સુખપર

ગુરુવાર ૧૪-૨-૧૩ નારણભાઈ પ્રેમજી વેકરીયા સુરજપુર તથા અ.નિ. રામજી સામજી હાલાઈ હ. હીરજીભાઈ સુરજપુર

શુક્રવાર તા. ૧૫-૨-૧૩ અ.નિ. કરસનભાઈ ગાંગજી હીરાણી હ. સુપુત્રો માવજીભાઈ, રવજીભાઇ આ. સુખપુર

શનિવાર ૧૬-૨-૧૩ ગામ માનકુવાના હરિભકતો તરફથી તેમજ ઠાકરથાળી મહોત્સવ (રાસોત્સવ)

રવિવાર તા. ૧૭-૨-૧૩ અ.નિ. વેલજી સામજી હાલાઈ - સુરજપુર હ. સુપુત્રો દેવશીભાઈ તથા પ્રફુલભાઈ

આ કથાના વકતા પદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા.સ્વામી નારાણપ્રિયદાસજી સ્વામી બિરાજી શિક્ષાપત્રી ભાષ્યનું સુંદર, મધુર, સાદી

ભાષામાં કથામૃતનું પાન કરાવેલ હતું.

કથાની સમાપ્તિના દિવસે દિવ્ય સભાની ઉપસ્થિતિમાં મહંત સ્વામી તેમજ આદિ સંતો તેમજ સર્વે યજમાનનો તેમજ સર્વે હરિભકતો સાથે રહી રીંગણાના શાકનો વઘાર કરેલ હતો. તે વખતનું દશ્ય જે મહારાજે લોયા ગામમાં શાકોત્સવ કરેલ તેવા દર્શન થયેલ હતા.

ત્યારબાદ મુખ્ય યજમાન શ્રી માવજીભાઈ તથા રવજીભાઈ તરફથી ઠાકોરજીને સોનાની ચેઈનથી પહેરામણી કરાવેલ અંતે સર્વે યજમાનશ્રીઓને મહંત સ્વામીના વરદ હસ્તે પહેરામણી અપાવી સત્કાર કરવામાં આવેલ. ત્યારબાદ સમાપ્તિ આરતી ઉતારી પારાયણ પૂર્ણ થયેલ ત્યારબાદ શ્રી કચ્છી લેવા પટેલ સમાજમાં સમૂહ શાકોત્સવનો (બાજરાના રોટલા અને રીંગણાનું શાક) પ્રસાદ લીધેલ હતાં.

અહેવાલ : મંત્રી શ્રી વિનુભાઈ પી. સોજીત્રા

## શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫

''શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ'' માસિક અંગેની માહિતી

ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.૮)

| | |
|---|---|
| પ્રકાશનનું સ્થળ | : શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય, ભુજ |
| પ્રકાશનની સામયિકતા | : માસિક |
| મુદ્રકનું નામ | : મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રિયતા | : ભારતીય |
| સરનામું | : શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન ૩૭૦૦૦૧. |
| તંત્રીનું નામ | : શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |
| જે વ્યક્તિઓએ અખબારના માલિક હોય, જાતે કુલ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય, તેમના નામ સરનામાં. | : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજની માલિકી. |

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૧૩ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (તંત્રી)

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૩૦૧/- | રમેશભાઇ શિવજી હાલાઇ | સુરજપર | પુત્ર રત્નના જન્મ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | જગદીશ હીરજી હિરાણી | માનકુવા | લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | લાલજી પ્રેમજી મેપાણી | સુરજપર | સુપુત્ર ચિ. ગોવિંદની સગાઇ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | રાજેશ વાલજી શિયાણી | મિરજાપર | પુત્ર જયમીનના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | પચાણ ભાણજી વાસાણી | રવાપર | નીતિનને ત્યાં પુત્રો 'જનક' તેમજ 'તેજ'ના જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | વૃજલાલ માવજી ચૌહાણ | આમારા | સુપુત્ર ચિ. અરવિંદના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | પ્રિયંકા શૈલેશ જેસાણી | કોઇમ્બતુર | પુત્ર રત્નના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હરેશભાઇ એન. મહેતા | ભુજ | ચિ.ધર્મિન કુલદીપભાઇ મહેતાના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | જીંકલ રમેશ પિંડોરીયા | નારાણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. કુંવરબેન, અ.નિ. સામજી લક્ષ્મણ ભુડીયા - હ.શિવજીભાઇ | નારાણપર | ૧૦ મી પુણ્યતિથી નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. વાઘજી નાનજી વસ્તા વેકરીયા હસ્તે સુપુત્ર જાદવજી વાઘજી | માધાપર | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૫૧/- | અ.નિ. ઠા.કિશોરભાઇ હરિભાઇ તન્ના હસ્તે હાર્દિક | ભુજ | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૨૫૦૦/- | પ.ભ. નાથાલાલ કરસન હાલાઇ ના પૌત્ર કાન્તિભાઇ નાથાલાલાના પુત્ર ચિ. કપિલ હસ્તે દાદીમાં ધનબાઇ નાથાલાલ | સુરજપર હા. લંડન | ચિ.કપિલે M.B.B.S.ની ડીગ્રી પ્રાપ્ત કરી ડોકટર બન્યા તેની ખુશાલીમાં ભેટ |
| ૨૨૫/- | શ્યામભાઇ વીરજી રત્ના ભુડીયા | ફોટડી હા.મોમ્બાસા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | કાન્તાબેન કિશોર સવાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | વનિતાબેન પ્રેમજી ગોરસીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રાજેન્દ્ર દેવચંદ સોની | માધાપર | નવા મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર) | માધાપર | શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર નૈરોબીની પાયાવિધિ પૂ.આચાર્ય મહારાજ તથા પૂ. મહંત સ્વામીના હસ્તે થતાં |
| ૧૫૧/- | શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર) | માધાપર | પુત્રવધુ ચિ.ધનવંતિ નરેશ પિંડોરીયાનો પાસપોર્ટ બનતાં શ્રી નરનારાયણદેવની કૃપા થતાં |
| ૧૫૧/- | સાવન હરજી સામજી વેકરીયા | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | રત્ના ભીમજી જેસાણી હસ્તે રામજી | બળદીયા | બોરીચા બાજુ ટાંકા ઉપર અવાડો બાંધ્યો તે નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ગોવિંદ પરબત રાબડીયા | સરલી | વસંત પંચમીના ઠાકરથાળી નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | અ.નિ. શિવજી માવજી ગોંડલીયા (ગોપીવારા) હસ્તે સુપુત્રો પ્રેમજી અને ખીમજી | કોડકી | તેમના મોક્ષાર્થે, શ્રી હરિ પ્રસન્નતાર્થે ભાગવત કથા પારાયણ તેમજ શિક્ષાપત્રી પૂજન નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | પ્રિયેન પ્રેમજી ગોંડલીયા (ગોપીવારા) હસ્તે કુંવરબાઇ | કોડકી | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૨૫/- | જયનીલ નવિનભાઇ હિરાણી | મેઘપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રવિલાલ ગોપાલ વેકરીયા | બળદીયા (ની.વા.) | સગાઇ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | કિશ્નાબેન રમેશ કેરાઇ | નારાણપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | કાર્તિક રમેશ કેરાઇ | નારાણપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | રાજેશ રમેશ કેરાઇ | નારાણપર | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

## વચનામૃત પારાયણ : ભક્તિનગર

શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગરને આંગણે તા.૩-૨-૧૩ના રવિવારના રોજ સાંજે ૫ થી ૬ (સાત) વચનામૃત પારાયણ કરી હતી. માઘસ્નાન નિમિત્તે અતિ ઉત્સાહથી સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો, યુવતીઓ, અનેક મુમુક્ષોજીવોને ઉદ્ધાર થાય એ માટે વચનામૃત પારાયણનું વાંચન કરવામાં આવ્યું હતું. બધા ભક્તજનો ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

- અહેવાલ : સાં.યો. મહંત પુરબાઇ ફઇ, માનકુવા-ભક્તિનગર



# સીડની (ઓસ્ટ્રેલીયા) શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં ઉજવાયેલ
# દેવોના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તસ્વીરોની ઝલક



















RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિલે પાર્લે મુંબઈ મંદિરનો ધામધુમથી હર્ષઉલ્લાષ પૂર્વક ઉજવાયો ૧૪મો વાર્ષિક પાટોત્સવ





